


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 142
Dt.: 29-03-2026, Sunday
Page:04
Rs.00.50 paisa


### અમિત શાહના TMC પર આકરા પ્રહાર

# ઘૂસણખોરોને વીણી-વીણીને દેશની બહાર કાઢીશું: શાહ

### આસામમાં ભાજપ સરકાર આવ્યા બાદ ઘૂસણખોરીનો અંત આવ્યો છે, હવે બંગાળ જ એકમાત્ર રસ્તો બચ્યો છે : અમિત શાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

કોલકાતામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ને લઈ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મમતા બેનર્જી સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. શાહે TMCના ૧૫ વર્ષના શાસનને અરાજકતાનો કાળો અધ્યાય ગણાવતા જનતાની ચાર્જશીટ જાહેર કરી હતી. શાહે સ્પષ્ટ કર્યું છે કે, ૬ મેના રોજ બંગાળમાં ભાજપની સરકાર બનતાની સાથે જ ઘૂસણખોરી અને ભ્રષ્ટાચારના દિવસો પૂરા થઈ જશે.

અમિત શાહે ઘૂસણખોરીના મુદ્દે મમતા બેનર્જીને સીધો પડકાર ફેંકતા કહ્યું હતું કે, "મમતાજીને કહેવા માગું છું કે, જેટલું રડવું હોય એટલું રડી લો. અમે વીણી-વીણીને એક-એક ઘૂસણખોરને માત્ર મતદાર યાદીમાંથી જ નહીં, પરંતુ દેશની બહાર કાઢીશું."

તેમણે આસામ મોડલનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, ત્યાં ભાજપ સરકાર આવ્યા બાદ ઘૂસણખોરી સમાપ્ત થઈ ગઈ છે. હવે બંગાળ જ એકમાત્ર રસ્તો છે જ્યાંથી ઘૂસણખોરો દેશની સુરક્ષાને જોખમમાં મૂકી રહ્યા છે. શાહે વાયદો કર્યો કે ભાજપ સરકાર બન્યાના ૪૫ દિવસમાં સરહદ પર ફેન્સિંગ વાડ કરવા માટે જમીન ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે અને સરહદ સંપૂર્ણપણે સીલ કરી દેવાશે.

શાહે આ ચૂંટણીને જનતા માટે મુક્તિની ચૂંટણી ગણાવી હતી. તેમણે બે સ્પષ્ટ વિકલ્પો રાખ્યા હતા. જેમાં પહેલો વિકલ્પ હતો ભયથી મુક્તિ. આમા જીવ ગુમાવવાનો ડર, મિલકત લૂંટાવાનો ડર, રોજગાર છીનવાઈ જવાનો ડર અને મહિલાઓની અસુરક્ષાથી આઝાદીનો સમાવેશ થાય છે. બીજા વિકલ્પમાં તેમણે ભરોસાની ગેરંટી આપી હતી. જેમાં શાંતિ, સન્માનજનક જીવન, મફત સારવાર, પાકું ઘર, મફત વીજળી અને યુવાનોનું ઉજ્જવળ ભવિષ્યનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે વધુમાં ઉમેર્યું હતું કે, "વિકાસ અને ઉદ્યોગોના અભાવે બંગાળ આજે ફેક્ટરીઓ માટે સ્મશાન બની ગયું છે. અમર સોનાર બાંગ્લા એટલે કે મારું સોનેરી બંગાળનું સપનું બતાવીને TMCએ સિન્ડિકેટ રાજ સ્થાપિત કર્યું અને જનતાનું શોષણ કર્યું છે. બંગાળને ભ્રષ્ટાચારની પ્રયોગશાળા બનાવી દેવામાં આવી છે."

શિક્ષક ભરતી અને અન્ય કૌભાંડોનો ઉલ્લેખ કરતા અમિત શાહે બંગાળના યુવાનો માટે મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ભરતી કૌભાંડોને કારણે જે યુવાનોની વયમર્યાદા પૂરી થઈ ગઈ છે, તેમને ભાજપ સરકાર ૫ વર્ષની છૂટછાટ આપશે. અસરગ્રસ્ત યુવાનોને SSC ભરતીમાં ફરીથી તક આપવામાં આવશે અને સમગ્ર પ્રક્રિયા પારદર્શક બનાવવામાં આવશે.



# શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર હિમપ્રપાતને કારણે ૭નાં મોત, પાંચ લોકો ઘાયલ થયાં

### લદ્દાખને જોડતા નેશનલ હાઈવે પર ઝોજિલા પાસ પાસે ‘ઝીરો પોઈન્ટ’ અને ‘મિનિમાર્ગ’ વચ્ચેના વિસ્તારમાં આ હિમપ્રપાત થયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)લદ્દાખ

જમ્મુ-કાશ્મીરમાં શુક્રવારે શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર અનેક સ્થળોએ હિમપ્રપાત થવાને કારણે વાહનો તેની ઝપેટમાં આવી ગયા હતા.

આ દુર્ઘટનામાં એક બાળક અને બે મહિલાઓ સહિત સાત લોકોનાં મોત થયા છે, અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને જોડતા નેશનલ હાઈવે પર ઝોજિલા પાસ પાસે ‘ઝીરો પોઈન્ટ’ અને ‘મિનિમાર્ગ’ વચ્ચેના વિસ્તારમાં આ હિમપ્રપાત થયો હતો. બપોરના સમયે વાહનો આ ઊંચાઈવાળા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક બરફના મોટા જથ્થા નીચે ધસી આવ્યા હતા, જેમાં અનેક વાહનો દટાઈ ગયા હતા. ઘટના બાદ તરત જ વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ગંદરબલના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ખલીલ પોસવાલે જણાવ્યું કે ત્રણ વાહનો હિમપ્રપાતની ઝપેટમાં આવ્યા હતા.

જોકે બચાવ ટીમ પહોંચી ગઈ છે અને તેણે કામગીરી આરંભીને ફસાયેલાઓને બચાવી લેવા પ્રયાસો હાથ ધર્યા છે.લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ જણાવ્યું હતું કે તેમણે સ્થાનિક સત્તાધીશોને તાત્કાલિક પગલાં લેવા સૂચના આપી છે.

તેમણે ‘X’ પર એક પોસ્ટમાં તેમણે હતું કે, “જોજી લા ખાતે હિમપ્રપાતના દુર્ભાગ્યપૂર્ણ સમાચાર મળ્યા છે. મેં કારગિલના DC અને SSPને તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લેવા અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરવા નિર્દેશ આપ્યો છે.



આપત્તિ રાહત દળો અને BRO સહિતની તમામ સરકારી એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. હું વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું.”

### ૬૦% વસતી ધરાવતા શિયા મુસ્લિમો નારાજ

# અરબ દેશ બહેરીનમાં સત્તા પરિવર્તનના ભણકારા!

### બહેરીનમાં અમેરિકાના ફિફ્થ ફ્લીટનું મુખ્ય મથક આવેલું છે: આ એ જ મથક છે જેને શરૂઆતમાં ઈરાને નિશાન બનાવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)બહેરીન

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધની જ્વાળાઓ હવે ખાડી દેશોના આંતરિક માળખાને દઝાડી રહી છે. ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષની સૌથી ગંભીર અસર અત્યારે બહેરીનમાં જોવા મળી રહી છે. ભૌગોલિક રીતે નાના પણ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વના એવા આ દેશમાં આંતરિક વિખવાદ અને સત્તા સામેનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. બહેરીનની સામાજિક સંરચના લાંબા સમયથી સંવેદનશીલ રહી છે. અહીં અંદાજે ૬૦% વસ્તી શિયા સમુદાયની છે, પરંતુ શાસન લઘુમતી ગણાતા સુન્ની શાસકોના હાથમાં છે. વર્તમાન યુદ્ધે આ જૂના ઘાને ફરી તાજા કરી દીધા છે. ઈરાન પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો એક મોટો વર્ગ હવે રસ્તા પર ઉતરી આવ્યો છે. જેના કારણે સ્થિતિ સ્ફોટક બની છે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધ બાદ બહેરીન સરકારે કડક વલણ અપનાવ્યું છે. ૨૦૦ થી વધુની ધરપકડ કરવામાં આવી છે. દેશદ્રોહ, જાસૂસી અને રાજશાહી વિરુદ્ધ નફરત ફેલાવવાના આરોપસર અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. ૩૨ વર્ષીય શિયા એક્ટિવિસ્ટ મહોમ્મદ અલમોસાવીનું પોલીસ કસ્ટડીમાં મોત થતા તણાવ બેવડાયો છે. માનવાધિકાર સંગઠનોએ આરોપ લગાવ્યો છે કે તેમને કસ્ટડીમાં યાતના આપવામાં આવી હતી. ઈરાનના સમર્થનમાં કે યુદ્ધ અંગેની પોસ્ટ કરનારાઓ સામે પણ સરકાર કડક કાર્યવાહી કરી રહી છે. બહેરીનમાં અમેરિકાના ફિફ્થ ફ્લીટનું મુખ્ય મથક આવેલું છે. આ એ જ મથક છે જેને યુદ્ધની શરૂઆતમાં ઈરાને નિશાન બનાવ્યું હતું. બહેરીન સરકારે ઈઝરાયલ સાથેના સંબંધો સામાન્ય બનાવ્યા છે. જેની સામે સ્થાનિક શિયા સમુદાયમાં ભારે રોષ છે. લોકો ખુલ્લેઆમ અમેરિકી ઠેકાણાઓ પર થતા હુમલાનું સમર્થન કરી રહ્યા છે. નિષ્ણાતો માની રહ્યા છે કે, જો આ સ્થિતિ લાંબી ચાલશે, તો બહેરીનમાં ૨૦૧૧ જેવા આરબ સ્પ્રિંગ જેવી સ્થિતિ ફરી પેદા થઈ શકે છે. તે સમયે પણ મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા જેને દબાવી દેવામાં આવ્યા હતા. જો ઈરાન અને અમેરિકા વચ્ચેની જંગ લાંબી ખેંચાશે, તો બહેરીનનું આ આંતરિક અસંતુષ્ટિ ગમે ત્યારે મોટા રાજકીય સંકટમાં ફેરવાઈ શકે છે.

### એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાનો કર્યો વિરોધ

# મોદી અને સાઉદીના ક્રાઉન પ્રિન્સની ટેલિફોનિક વાતચીત

### કુવૈત અને દુબઈના વિસ્તારોમાં કરવામાં આવેલા હુમલાઓના સંદર્ભમાં ભારતનું આ નિવેદન મહત્વનું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધ વચ્ચે PM મોદીની એક્શનમાં છે. સાઉદી ક્રાઉન પ્રિન્સ અને ડોનાલ્ડ ટ્રમ્પ સાથે કરી વાતચીત, ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાની નિંદા કરી હતી. મિડલ ઈસ્ટમાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે શરૂ થયેલા યુદ્ધને એક મહિનો પૂર્ણ થવા આવ્યો છે, ત્યારે ભારત આ મામલે અત્યંત સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) સાથે ટેલિફોનિક વાતચીત કરી વૈશ્વિક સુરક્ષા અંગે ચર્ચા કરી હતી.

વડાપ્રધાન મોદીએ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, વાતચીત દરમિયાન તેમણે પ્રદેશના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થઈ રહેલા હુમલાઓની સખત શબ્દોમાં નિંદા કરી છે. ઈરાન દ્વારા તાજેતરમાં કુવૈત અને દુબઈના વિસ્તારોમાં કરવામાં આવેલા હુમલાઓના સંદર્ભમાં ભારતનું આ નિવેદન અત્યંત મહત્વનું માનવામાં આવે છે. બંને નેતાઓ વચ્ચે સહમતી સધાઈ છે કે, દરિયાઈ માર્ગો સુરક્ષિત રહેવા જોઈએ જેથી વૈશ્વિક વેપાર પર અસર ન પડે. હોરમુઝની ખાડી અને અન્ય મહત્વના જળમાર્ગો ખુલ્લા રાખવા વિશ્વ માટે અનિવાર્ય છે. સાઉદી અરેબિયામાં વસતા ભારતીયોના કલ્યાણ માટે PM એ ક્રાઉન પ્રિન્સનો આભાર માન્યો હતો. આ અગાઉ ૨૪ માર્ચના રોજ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પણ વડાપ્રધાન મોદીએ લાંબી ચર્ચા કરી હતી. ભારતનું વલણ સ્પષ્ટ છે કે, યુદ્ધ વહેલી તકે અટકે અને શાંતિ પુનઃસ્થાપિત થાય. ખાસ કરીને હોરમુઝની ખાડી સુરક્ષિત અને સુલભ રહે તે માટે ભારત સતત વૈશ્વિક નેતાઓ સાથે સંપર્કમાં છે.

નોંધનીય છે કે, ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારથી અત્યાર સુધીમાં PM મોદી અનેક વિશ્વ નેતાઓ સાથે વાતચીત કરી ચૂક્યા છે. પશ્ચિમ એશિયામાં ભારતનું હિત ઉર્જા સુરક્ષા (ક્રૂડ ઓઈલ સપ્લાય) સાથે જોડાયેલું હોવાથી આ પ્રદેશમાં શાંતિ ભારત માટે પ્રાથમિકતા છે.

### ખાધને પહોંચી વળવા માટે બોન્ડની સાપ્તાહિક હરાજી કરશે

# સરકાર છ મહિનામાં બજારમાંથી રૂ.૮.૨ લાખ કરોડનું ઋણ લેશે

### મુદતી સિક્યોરિટીઝ મારફથ નેટ માર્કેટ બોરોઈંગ ૧૧.૭ લાખ કરોડ રહેશે, જ્યારે બાકીની રકમ સ્મોલ સેવિંગ્સ અને અન્ય સ્રોતો મારફત એકત્ર કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે રાજકોષીય ખાધને પહોંચી વળવા માટે 2026-27ના નાણાકીય વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન બજારમાંથી રૂ.8.2 લાખ કરોડનું ઋણ લેવાની યોજના બનાવી છે. સંપૂર્ણ વર્ષ માટે સરકારે કુલ રૂ.16.09 લાખ કરોડનું ઋણ લેવાની યોજના બનાવી છે, આમ પ્રથમ છ મહિનામાં કુલમાંથી આશરે 51 ટકા ઋણ લેશે, એમ નાણામંત્રાલયે જણાવ્યું હતું. 2026-27 માટે સરકારના કુલ બજાર ઋણનો અંદાજ રૂ.17.20 લાખ કરોડ હતો. બજેટની રજૂઆત પછીથી ગવર્નમેન્ટ સિક્યોરિટી (જી-સેક)ની હરાજી કરાઈ હતી. તેનાથી કુલ માર્કેટ ઋણ ઘટી રૂ.16.09 લાખ કરોડ થયું છે. આ રૂ.16.09 લાખ કરોડમાંથી રૂ.8.20 લાખ કરોડ (51 ટકા) મુદતી સિક્યોરિટીના વેચાણ મારફત પ્રથમ છ મહિનામાં એકત્ર કરાશે. સરકાર રૂ.15,000 કરોડના સોવરિન ગ્રીન બોન્ડસ (SGrBs)પણ જારી કરશે. નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટમાં GDPના 4.3 ટકાની અંદાજિત રાજકોષીય ખાધને પહોંચી વળવા માટે રૂ.17.2 લાખ કરોડનું ઋણ લેવાની દરખાસ્ત કરી હતી. સત્તાવાર નિવેદનમાં જણાવ્યા મુજબ સરકારી બોન્ડની 26 સાપ્તાહિક હરાજી મારફત રૂ.8.2 લાખ કરોડ એકત્ર કરાશે. આ બોન્ડની મુદત 3 વર્ષથી લઈને 50 વર્ષ સુધીની હશે.

સંસ્થાકીય અને છૂટક રોકાણકારો તેમના રોકાણોનું અસરકારક રીતે આયોજન કરી શકે અને સરકારી સિક્યોરિટીઝ માર્કેટમાં પારદર્શકતા અને સ્થિરતા જાળવી રાખવા માટે સરકાર અને રિઝર્વ બેન્ક સહયોગ કરશે અને આ સમયગાળા દરમિયાન રૂ.28,000 કરોડથી રૂ.34,000 કરોડ સુધીનું સાપ્તાહિક ઋણ લેશે. મુદતી સિક્યોરિટીઝ મારફથ નેટ માર્કેટ બોરોઈંગ 11.7 લાખ કરોડ રહેશે, જ્યારે બાકીની રકમ સ્મોલ સેવિંગ્સ અને અન્ય સ્રોતો મારફત એકત્ર કરાશે. દરેક હરાજીમાં નોન-કમ્પેટિટિવ બિડિંગની સુવિધા રહેશે, જેમાં 5% હિસ્સો રિટેલ રોકાણકારો માટે અનામત રહેશે. સરકાર દરેક હરાજીમાં 2,000 કરોડ સુધીના વધારાના સબ્સ્ક્રિપ્શન (ગ્રીનશુ ઓપ્શન)ને જાળવી રાખવાનો પણ વિકલ્પ રાખશે. 2026-27ના પ્રથમ ત્રિમાસિક (Q1) દરમિયાન ટ્રેઝરી બિલ્સ દ્વારા દર અઠવાડિયે 24,000 કરોડ એકત્ર કરાશે.

### હુમલા બાદ ઈરાનની સૈન્ય પાંખ IRGC એ વળતો પ્રહાર કરવાની જાહેરાત કરી

# અમેરિકાએ ઈઝરાયલ સાથે મળી ઈરાનના પરમાણુ પ્લાન્ટ પર હુમલો કર્યો

### વળતા હુમલાની ભીતિને પગલે ઈરાને ઔદ્યોગિક વિસ્તારોની ૧ કિમીની ત્રિજ્યામાં રહેતા નાગરિકોને ઘર ખાલી કરવા આદેશ આપ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાનના સરકારી મીડિયાના દાવા મુજબ, ઈરાનના અત્યંત સંવેદનશીલ ગણાતા ખોંદાબ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર અમેરિકા અને ઈઝરાયલ દ્વારા મોટો હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં હેવી-વોટર રિએક્ટર અને યલોકેક પ્રોડક્શન પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા છે.ઈરાનના અત્યંત સંવેદનશીલ ગણાતા ‘ખોંદાબ’ ન્યુક્લિયર પ્લાન્ટ પર ભીષણ હુમલો કરવામાં આવ્યો છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં હેવી-વોટર રિએક્ટરને મુખ્ય નિશાન બનાવવામાં આવ્યું છે.

યુરેનિયમ યુનિટ ધ્વસ્તઆ હુમલામાં પરમાણુ બોમ્બ બનાવવા માટે વપરાતા ‘યલોકેક’ પ્રોડક્શન પ્લાન્ટ પર 10 થી વધુ બોમ્બ ઝીંકવામાં આવ્યા છે. હુમલા બાદ પ્લાન્ટની આસપાસ કાળો ધુમાડો જોવા મળ્યો હતો, જોકે રેડિયેશનના કોઈ સંકેત મળ્યા નથી.

હુમલા બાદ ઈરાનની સૈન્ય પાંખ IRGC એ વળતો પ્રહાર કરવાની જાહેરાત કરી છે. ઈરાને અમેરિકા અને ઈઝરાયલ સાથે જોડાયેલા ઉદ્યોગોમાં કામ કરતા કર્મચારીઓને તાત્કાલિક ઓફિસ છોડી દેવા માટે અલ્ટીમેટમ આપ્યું છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ 10 દિવસ માટે હુમલા રોકવાની (સીઝફાયર) વાત કરી હતી, પરંતુ આ જાહેરાત વચ્ચે જ પરમાણુ પ્લાન્ટ પર થયેલા હુમલાએ સમગ્ર વિશ્વમાં આશ્ચર્ય અને તણાવ વધારી દીધો છે.

વળતા હુમલાની ભીતિને પગલે ઈરાને ઔદ્યોગિક વિસ્તારોની ૧ કિમીની ત્રિજ્યામાં રહેતા નાગરિકોને ઘર ખાલી કરવા આદેશ આપ્યો છે. મધ્ય પૂર્વમાં હવે ગમે ત્યારે મોટું યુદ્ધ ફાટી નીકળે તેવી સ્થિતિ સર્જી છે.




# તંત્રી લેખ......

## ટ્રમ્પની વિશ્વસનીયતા જોખમમાં, યુદ્ધમાંથી બહાર નીકળવાની તક શોધી રહ્યા છે

ઈરાનના પાવર અને એનર્જી સ્થાપનોને નષ્ટ કરવાની ધમકી આપ્યા પછી, યુએસ પ્રમુખ ટ્રમ્પે પહેલા આ સ્થાપનો પર હુમલા પાંચ દિવસ માટે મુલતવી રાખવાની જાહેરાત કરી હતી અને હવે કહ્યું છે કે તેઓ થોડા વધુ દિવસો આપી રહ્યા છે. આ સૂચવે છે કે તેઓ સમાધાનના મૂડમાં છે.

જોકે તેઓ ક્યારેક ક્યારેક ઈરાનને ધમકી આપે છે, તેમણે જે રીતે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની સમયમર્યાદા લંબાવી છે તે સૂચવે છે કે તેઓ આ યુદ્ધમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધી રહ્યા છે. આવા સંકેતો સાથે પણ, યુએસ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. આનું કારણ એ છે કે ઈરાન ફરીથી હુમલો નહીં થાય તેવી ખાતરી આપ્યા વિના પીછેહઠ કરવા તૈયાર નથી. જેમ ઈરાન અમેરિકાની યુદ્ધવિરામની શરતો સ્વીકારી શકતું નથી, તેમ અમેરિકા કે ઈઝરાયલ પણ તેની શરતો સ્વીકારી શકતા નથી.

આ જ કારણ છે કે યુદ્ધ અટકી શકતું નથી. જ્યારે ઈઝરાયલ ઈરાનને નિશાન બનાવવાનું ચાલુ રાખે છે, ત્યારે ઈરાન તેના અને તેના પડોશીઓ સામે મિસાઈલ છોડી રહ્યું છે. સ્વાભાવિક રીતે, આ દેશોની ધીરજ ઢીલી પડી રહી છે. આ દેશો વધુને વધુ ચિંતિત છે કારણ કે ઈરાન તેમની નાગરિક અને ઉર્જા સુવિધાઓને પણ નિશાન બનાવી રહ્યું છે.

જો ગલ્ફ દેશો ઈરાન સામે બદલો લેવાના હુમલા શરૂ કરે છે, તો યુદ્ધ એક નવા વળાંક પર પહોંચશે. આ નિ:શંકપણે ટ્રમ્પ કે વિશ્વના અન્ય દેશો ઈચ્છશે નહીં, કારણ કે ઉર્જા સંકટ ઘટવાના કોઈ સંકેત દેખાતા નથી. માત્ર ભારત અને અન્ય એશિયન દેશો જ નહીં, પણ યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સ પણ તેનાથી પ્રભાવિત છે.

હોર્મુઝ સ્ટ્રેટને અવરોધિત કરનાર ઈરાન આ ઉર્જા સંકટ માટે સીધી રીતે જવાબદાર છે. જો કે, ઈરાન પર હુમલો કરવા માટે અમેરિકા પરોક્ષ રીતે જવાબદાર છે, જેણે બે વાર વિચાર કર્યા વિના, ઈઝરાયલ સાથે દળોમાં જોડાઈ ગયું. ઈરાનની બદલો લેવાની કાર્યવાહીએ માત્ર અમેરિકા અને ઈઝરાયલ જ નહીં, પણ પડોશી દેશોને પણ તણાવમાં મૂક્યા છે. જો ઈરાન લાંબા સમય સુધી બદલો લેવાનું ચાલુ રાખશે, તો યુએસ રાષ્ટ્રપતિને તેમના વલણને વધુ નરમ પાડવાની ફરજ પડી શકે છે.

આ સ્થિતિમાં, તેમનો પ્રભાવ ઓછો થશે - ફક્ત યુએસમાં જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પણ. એ નોંધવું જોઈએ કે તેમને વૈશ્વિક ઊર્જા કટોકટી માટે જવાબદાર ઠેરવવામાં આવી રહ્યા છે, અને સ્થાનિક સ્તરે તેમનો વિરોધ વધી રહ્યો છે. ઈરાન યુદ્ધ પહેલા, વેનેઝુએલા પર તેમનો હુમલો અને તેમની મનસ્વી ટેરિફ નીતિઓ, જેણે તેમના સાથીઓ સહિત વિશ્વને હેરાન કર્યું છે, તેમની વિશ્વસનીયતા અને પ્રતિષ્ઠાને પહેલાથી જ ખતમ કરી દીધી છે.

## ૧૦ જૂનથી પોરબંદર–દાદર દૈનિક સૌરાષ્ટ્ર એક્સપ્રેસની કોચ સંરચનામાં ફેરફાર



યાત્રિયોની વધતી માંગ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર ૧૯૦૧૬/ ૧૯૦૧૫ પોરબંદર–દાદર–પોરબંદર દૈનિક સૌરાષ્ટ્ર એક્સપ્રેસની કોચ સંરચનામાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે હાલ ચાલી રહેલી સેકન્ડ એસી કમ થર્ડ એસી **(2AC cum 3AC)** કોચના બદલે હવે અલગ-અલગ એક સેકન્ડ એસી **(2AC)** અને એક થર્ડ એસી **(3AC)** કોચ લગાવવામાં આવશે. આથી યાત્રિયોને વધુ સારી સુવિધા અને વધુ વિકલ્પો મળશે.

આ સુધારેલી કોચ રચના નીચે મુજબ અમલમાં આવશે:

ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર–દાદર દૈનિક સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં ૧૦ જૂન, ૨૦૨૬ થી

ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર–પોરબંદર દૈનિક સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં ૧૩ જૂન, ૨૦૨૬ થી

યાત્રિયોને વિનંતી છે કે મુસાફરી પહેલાં ટ્રેનના સંચાલન અને કોચ સંરચનાની તાજી માહિતી **NTES App, Indian Railways**ની સત્તાવાર વેબસાઈટ **www. en-quiry. indianrail.gov.in** અથવા રેલવે હેલ્પલાઈન નંબર ૧૩૯ દ્વારા મેળવી લેવી.

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા એક જહાજ પર હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

મધ્ય પૂર્વમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવથી કોઈ અજાણ નથી. આ સંઘર્ષને કારણે મિસાઈલ હુમલાના વીડિયો રોજ વાયરલ થતા રહે છે. આ દરમિયાન, મધ્ય પૂર્વમાંથી એક વીડિયો સામે આવ્યો છે જેણે સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવ્યો છે.

એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે હોર્મુઝની સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા એક જહાજને મિસાઈલનો સામનો કરવો પડ્યો હતો, ત્યારબાદ તેમાંથી ધુમાડા નિકળતા જોવા મળ્યા હતા. આ વીડિયો સામે આવતાની સાથે જ, ડર, ચર્ચા અને રાજકીય તણાવ વધી ગયું છે. લોકો તે પ્રદેશમાં વધતા તણાવ સાથે જોડી રહ્યા છે અને અલગ અલગ રિએક્શન આપી રહ્યા છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ પોસ્ટ મુજબ, એક જહાજ હોર્મુઝની સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે જહાજ ઈરાનની પરવાનગી વિના હોર્મુઝની સ્ટ્રેટ પાર કરી રહ્યું હતું. ઈરાને જહાજ પર મિસાઈલ છોડી, જેના કારણે તે ધુમાડામાં ડૂબી ગયું. વીડિયોમાં ધુમાડો પણ દેખાય છે.

એવો પણ દાવો કરવામાં આવી રહ્યો હતો કે ઈરાને અગાઉ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજને ચેતવણી આપી હતી, પરંતુ તેમ છતાં, જહાજ પસાર થવાનો પ્રયાસ કર્યો, ત્યારબાદ ઈરાને જહાજ પર મિસાઈલ હુમલો કર્યો. વાયરલ ક્લિપમાં જહાજ પરના હુમલાથી સમુદ્રમાં ધુમાડાના ગોટેગોટા ઉડતા જોવા મળે છે, જે બાદ વિવિધ દાવાઓ થયા છે. વીડિયો સામે આવતાની સાથે જ યુઝર્સ ચિંતા અને આશ્ચર્ય વ્યક્ત કરવા લાગ્યા. એક યુઝરે ટિપ્પણી કરી કે, "સાચું કહું તો, હું ઈરાનથી ડરું છું," જ્યારે બીજાએ ટિપ્પણી કરી, "ઈરાન પોતાની શક્તિ બતાવવામાં કોઈ કસર છોડી રહ્યું નથી." બીજા યુઝરે, વીડિયો જોયા પછી, ટિપ્પણી કરી, "એવું લાગે છે કે હોર્મુઝ અને ઓમાનનો અખાત આગામી દિવસોમાં મુખ્ય યુદ્ધ ક્ષેત્ર બની શકે છે." બીજા યુઝરે ટિપ્પણી કરી કે, "આ યુદ્ધ લાંબું થઈ શકે છે.

### આધુનિક કો-વર્કિંગ સુવિધા સાથે મુસાફરોના પ્રતીક્ષા અનુભવને નવો આયામ

# વડોદરા સ્ટેશન પર ‘એરપોર્ટ જેવો અનુભવ’, ગુજરાતના પ્રથમ ડિજિટલ લાઉન્જનું માનનીય સાંસદ ડૉ. હેમાંગ જોશી દ્વારા ઉદ્ઘાટન








મુસાફરોની સુવિધાઓને મજબૂત બનાવવાના દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વડોદરા રેલવે સ્ટેશન પર ડિજિટલ લાઉન્જ / કો-વર્કિંગ સ્પેસ વિકસાવવામાં આવ્યો છે, જેનું આજે વડોદરાના માનનીય સાંસદ ડૉ. હેમંગ જોશી તથા માનનીય વિધાનસભ્ય કેયુર રોકડિયા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સુવિધા ગુજરાતમાં પોતાની જાતની પ્રથમ તથા ભારતીય રેલવેમાં મુંબઈ સેન્ટ્રલ પછી બીજી છે, જે વડોદરા સ્ટેશનને આધુનિક મુસાફર સુવિધાઓના નવા સ્તર પર લઈ જાય છે. આ અવસર પર માનનીય સાંસદ ડૉ. હેમંગ જોશીએ જણાવ્યું કે વડોદરા રેલવે સ્ટેશન પર અમે જોયું કે ‘વિકસિત વડોદરા થી વિકસિત ભારત’ કેવી રીતે બની શકે. જ્યાં આજે ડિજિટલ લાઉન્જનું ઉદ્ઘાટન થયું છે, જેમ એરપોર્ટના અંદર **VVIP** લાઉન્જ હોય છે, તેવી જ સુવિધા હવે વડોદરા રેલવે સ્ટેશન પર ઉપલબ્ધ છે. મુસાફરોને મુસાફરી દરમિયાન મીટિંગમાં જોડાવું હોય, ચા-નાસ્તો કરવો હોય અથવા થોડો આરામ કરવો હોય તો આ બધી સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ છે. તેમજ ખૂબ જ ન્યૂનતમ ખર્ચે શાવર અને વોશરૂમ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આજે વડોદરા રેલવે સ્ટેશનને એક નવું કદમ મળ્યું છે. નોંધનીય છે કે સમગ્ર ભારતમાં બીજી અને ગુજરાતમાં પ્રથમ એવી આ સુવિધા વડોદરા સ્ટેશન પર શરૂ થઈ છે.

માનનીય વિધાનસભ્ય કેયુર રોકડિયાએ જણાવ્યું કે ખરેખર હવે વડોદરા રેલવે સ્ટેશન પર એરપોર્ટ જેવી સુવિધાઓ મળશે. બુલેટ ટ્રેન પણ વડોદરા નજીક આવવાની છે, તેની સ્ટેશન સાથે કનેક્ટિવિટી, નવા ફીચર્સ ઉમેરવા તથા કાર્ગો માટે અલગ ડેક બનાવવાની યોજનાઓ ભવિષ્યમાં અમલમાં મુકવામાં આવશે.

આ પ્રસંગે વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે આ પ્રસંગે જણાવ્યું કે માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે વડોદરા સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે સતત માર્ગદર્શન આપ્યું છે. આ દિશામાં સ્ટેશન પર સ્વચ્છતા જાળવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે અને તેને પશ્ચિમ રેલવેનું સૌથી સ્વચ્છ સ્ટેશન બનાવવા પ્રયત્નશીલ છે. રેલવે બોર્ડના અધ્યક્ષ તથા મુખ્ય કાર્યકારી અધિકારીના માર્ગદર્શન હેઠળ વડોદરા સ્ટેશનને એરપોર્ટ સમાન વિકસાવવા તથા ‘ઉત્તમ સ્વચ્છ સ્ટેશન’ અભિયાનને આગળ વધારવા માટે આ ડિજિટલ લાઉન્જ વિકસાવવામાં આવ્યો છે. વડોદરાના વટવૃક્ષ થીમ પર આધારિત આ લાઉન્જ આધુનિક સુવિધાઓથી સજ્જ છે અને મુસાફરોને ઉત્તમ સેવા આપવાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે વડોદરા એક પ્રમુખ કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રીયલ અને બિઝનેસ હબ છે તેમજ એકતાનગર અને ધાર્મિક સ્થળોને કારણે અહીં મોટી સંખ્યામાં લોકો આવે છે. તેમના માટે આ સુવિધા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આગામી ૧૮ મહિનામાં ૪ નવા ફૂટ ઓવર બ્રિજ બનાવવામાં આવશે અને દિવ્યાંગજનો માટેની સુવિધાઓમાં પણ સુધારો કરવામાં આવશે. હાઈ-સ્પીડ ટ્રેન માટેની કનેક્ટિવિટીનું આયોજન પણ તૈયાર છે. વડોદરાના નાગરિકોને વધુ સારી રેલ સુવિધા આપવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

મંડળના વરિષ્ઠ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમારે જણાવ્યું કે ડિજિટલ લાઉન્જને આધુનિક મુસાફરીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યો છે. તેમાં હાઈ-સ્પીડ **Wi-Fi,** વર્કસ્ટેશન, ચાર્જિંગ પોઈન્ટ, આરામદાયક બેઠકો અને કોન્ફરન્સ સુવિધાઓ ઉપલબ્ધ છે, જેથી મુસાફરો પોતાના પ્રતીક્ષા સમયનો સદુપયોગ કરી શકે. ઉપરાંત પ્રિન્ટિંગ, સ્કેનિંગ, ફોટોકોપી સેવાઓ, ચા-નાસ્તો, કોફી અને પીણાંની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. મુસાફરો માટે પ્રતિ કલાક ઉપયોગ, ટૂંકી અવધિની બેઠક અને લાઉન્જ પેકેજ જેવી લચીલી યોજનાઓ પણ ઉપલબ્ધ રહેશે. મીટિંગ રૂમ બુકિંગ, બંડલ સેવાઓ અને પે-પર-યૂઝ સુવિધાઓ પણ આપવામાં આવશે. વધુ આરામ માટે લાઉન્જમાં રિકલાઈનર બેઠકો પણ ઉપલબ્ધ છે.

આ ડિજિટલ લાઉન્જ **24x7** ચાલુ રહેશે અને તેમાં રિયલ-ટાઈમ ટ્રેન માહિતી, **CCTV** દેખરેખ, નિયંત્રિત પ્રવેશ, આધુનિક શૌચાલય તથા કેશલેસ પેમેન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. સાથે સાથે સ્વચ્છતા, સુરક્ષા અને મુસાફરોની સુવિધા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

આ પહેલ વડોદરા રેલવે સ્ટેશનને વધુ આરામદાયક, આધુનિક અને કાર્યક્ષમ મુસાફરીનો અનુભવ આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે અને પશ્ચિમ રેલવેની મુસાફર-કેન્દ્રિત સેવાઓને નવી ઊંચાઈએ પહોંચાડશે.

## ખેડબ્રહ્મા – વડાલી રેલખંડ પર ટેસ્ટ ટિકિટ જારી, નવી રેલ સેવા શરૂ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું

અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા જાણ કરવામાં આવે છે કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાત રાજ્યમાં રૂા.૮૯૧ કરોડના ખર્ચે વિવિધ મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. આ પ્રોજેક્ટ્સ અંતર્ગત ખેડબ્રહ્મા – હિંમતનગર – અમદાવાદ (અસારવા) વચ્ચે નવી ટ્રેન સેવાનો શુભારંભ તેમજ ખેડબ્રહ્મા – હિંમતનગર રેલખંડનું રાષ્ટ્રને સમર્પણ સામેલ છે. આ જ ક્રમમાં, આજે તા. ૨૮ માર્ચ, ૨૦૨૬ના રોજ ખેડબ્રહ્માથી વડાલી સુધીનું સફળતાપૂર્વક રૂા.૧૦ના મૂલ્યની ટેસ્ટ ટિકિટ જારી કરીને પરિચાલનની પરીક્ષણ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી, જે આ નવી રેલ સેવાના શુભારંભની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ પરીક્ષણ યાત્રીઓ માટે ટિકિટિંગ વ્યવસ્થા, પરિચાલન પ્રણાલી અને સુવિધાઓની તૈયારીઓનું સફળ મૂલ્યાંકન દર્શાવે છે. તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ નવી ટ્રેન સેવાના શુભારંભ પૂર્વે, સ્થાનિક સાંસદ અને ધારાસભ્યો તથા અન્ય જનપ્રતિનિધિઓ દ્વારા ૧૧મી સદીના પ્રાચીન બ્રહ્મા મંદિર ખાતે પૂજા-અર્ચના કરવામાં આવશે અને ત્યારબાદ રેલવે સ્ટેશન પર પણ વિધિવત પૂજન કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. ખેડબ્રહ્મા ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં આવેલું એક પ્રાચીન અને પવિત્ર ધાર્મિક નગર છે, જેને બ્રહ્મક્ષેત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સ્થળ ભગવાન બ્રહ્મા, ઋષિ ભૃગુ અને મા અંબિકા સાથે જોડાયેલ શ્રદ્ધાનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે. અહીં આવેલું પ્રખ્યાત અંબાજી મંદિર, જેને સ્થાનિક સ્તરે “નાના અંબાજી” તરીકે ઓળખવામાં આવે છે, તે વિસ્તારની ગ્રામદેવી તરીકે પૂજાતી મા અંબિકાને સમર્પિત છે. આ મંદિર તેની પ્રાચીનતા, આધ્યાત્મિક મહત્વ અને સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિને કારણે વિશિષ્ટ ઓળખ ધરાવે છે. મંદિરની સ્થાપત્ય શૈલી પરંપરાગત મારુ-ગુર્જર શૈલીમાં નિર્મિત છે, જેમાં નકશીદાર સ્તંભ, ગર્ભગૃહ અને શાંત પરિસર દર્શનીય છે. ઐતિહાસિક માન્યતાઓ અનુસાર આ સ્થળ તે સ્થાન છે જ્યાં ભગવાન બ્રહ્માએ યજ્ઞ કર્યો હતો તેમજ દેવી અંબિકાએ અસુરોનો સંહાર કરીને સાધુઓની રક્ષા કરી હતી? ત્યારથી આ સ્થળ એક મુખ્ય શક્તિ ઉપાસના કેન્દ્ર તરીકે વિકસ્યું છે. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ, શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ નવી રેલ સેવા ન માત્ર વિસ્તારના યાત્રીઓને સુવિધા પૂરી પાડશે, પરંતુ ધાર્મિક પ્રવાસન, સ્થાનિક વેપાર તેમજ સામાજિક-આર્થિક વિકાસને પણ નવી ગતિ આપશે.

## ઘરની મહિલાઓ જ ક્રિકેટર્સને નિવૃત્તિ લેવા ઈન્ફલુએન્સ કરે છે: યોગરાજ સિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પૂર્વ ભારતીય ક્રિકેટર અને દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહના પિતા યોગરાજ સિંહે એક સનસનીખેજ નિવેદન આપ્યું છે. યોગરાજ સિંહે કહ્યું કે, ઘરની મહિલાઓ અને પત્નીઓ ખેલાડીઓને નિવૃત્તિ લેવા અને કરિયર સબંધિત નિર્ણય લેવા માટે ઈન્ફલુએન્સ કરે છે. યોગરાજ સિંહ આવા નિવેદનો સતત આપતા રહે છે. તેમણે એમ પણ કહ્યું કે, ખેલાડીઓએ ત્યાં સુધી રમવું જોઈએ, જ્યાં સુધી તેઓ સારું પ્રદર્શન કરે છે. યોગરાજ સિંહે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, ઘરની મહિલાઓ, તમારી પત્નીઓ, તેઓ કોચિંગ શરૂ કરે છે, તમને કહે છે કે તમારો નિવૃત્તિ લેવાનો સમય આવી ગયો છે, પરિવારની તથા બાળકોની સંભાળ રાખવાનો સમય આવી ગયો છે, ચાલો બાળકો સાથે એન્જોય કરીએ. તેથી મારું માનવું છે કે, મહિલાઓએ એક મહાન ખેલાડીના ભવિષ્યની વચ્ચે ન આવવું જોઈએ. ફકીર અને ખેલાડી આ બંનેનો કોઈ ધર્મ નથી, કોઈ વર્ગ નથી, તેઓ ભગવાનના હોય છે. ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં એક ટેસ્ટ અને ૬ વનડે રમનાર યોગરાજ સિંહે આ જ ઈન્ટરવ્યુમાં ઉંમર અને નિવૃત્તિ અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે વિરાટ કોહલી અને રોહિત શર્મા પર પણ તીખો કટાક્ષ કર્યો હતો.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સાણંદ અને નરોડા GIDCના રૂા.૨૭૧ કરોડથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરાશે

વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના મંત્ર સાથે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદના સાણંદ ખાતેથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ **(GIDC)** દ્વારા સંપન્ન થયેલા રૂા.૨૭૧.૨૦ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. અમદાવાદના સાણંદ ખાતે આશરે ૨,૦૫૬ હેક્ટરમાં ફેલાયેલી ઔદ્યોગિક વસાહત આજે સેમિકન્ડક્ટર, ઓટોમોબાઈલ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા હાઈ-ટેક ઉદ્યોગોનું હબ બની છે. અહીં ૧,૧૫૦થી વધુ એકમો કાર્યરત છે. ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીની ગંભીર સમસ્યાના કાયમી નિવારણ માટે **GIDC** દ્વારા બે મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા છે.

જેમાં પૂર્વ અને પશ્ચિમ ડ્રેઈન પ્રોજેક્ટ અંતર્ગત વસાહતની બંને બાજુએ ૧૮.૭૧ કિ.મી. લાંબી **RCC** સ્ટોર્મ વોટર ડ્રેઈન બનાવવામાં આવી છે, જે આંતરિક અને ઉપરવાસના પાણીનો નિકાલ કરશે. તે ઉપરાંત સાણંદ-વિરમગામ હાઈવે પરના મુખ્ય પ્રવેશદ્વારો પાસે ૧૮.૩૫ કિ.મી. લાંબી ડ્રેઈન સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

માર્ચ ૨૦૨૬માં પૂર્ણ થયેલા આ પ્રોજેક્ટ્સથી સાણંદ વસાહત હવે ’ઝીરો વોટર લોગિંગ’ ઝોન બનવા તરફ આગળ વધી રહ્યું છે.

૧૯૬૩માં સ્થપાયેલી રાજ્યની સૌથી જૂની વસાહતોમાંની એક એવી નરોડા ઔદ્યોગિક વસાહતને પણ રાજ્ય સરકારની **'Assistance for Industrial Infrastructure (A.I.I.)'** યોજના હેઠળ નવું કલેવર આપવામાં આવ્યું છે. રૂા.૨૭.૨૦ કરોડ ના ખર્ચે અહીં વિવિધ કામો પૂર્ણ કરાયા છે. જે અંતર્ગત આંતરિક માર્ગોનું મજબૂતીકરણ અને વિસ્તરણ, સ્ટોર્મ વોટર ડ્રેઈન અને કુદરતી નાળાનું લાઈનિંગ, ૧.૧૯ લાખ ચો.મી. વિસ્તારમાં પેવર બ્લોક, ફૂટપાથ અને પાર્કિંગની સુવિધા તેમજ નવી સ્ટ્રીટ લાઈટ્સ, હાઈ-માસ્ટ લાઈટ્સ, સેક્યુરિટી કેબિન અને ટોયલેટ બ્લોક્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ્સના લોકાર્પણથી સાણંદ અને નરોડાના હજારો લઘુ અને મોટા ઉદ્યોગોને સીધો ફાયદો થશે. આધુનિક ડ્રેઈન સિસ્ટમ, સ્માર્ટ વોટર મીટર, **CCTV** સર્વેલન્સ અને મજબૂતીકરણ કરેલ રસ્તાઓને કારણે માલ-સામાનની હેરફેર સરળ બનશે અને વૈશ્વિક રોકાણકારો માટે ગુજરાત વધુ આકર્ષક બનશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થનારા આ લોકાર્પણ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ મંત્રીમંડળના સભ્યો અને અગ્રણી ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે.

## પતિએ રસ્તા વચ્ચે પત્નીનું ગળું કાપ્યું પછી કાર નીચે કચડી નાખી

(સંપૂર્ણ સમાચાર સેવા)કલબુર્ગી

કર્ણાટકના કલબુર્ગી જિલ્લામાં માનવતાને શરમાવે તેવી એક અત્યંત ક્રૂર અને હૃદયદ્રાવક ઘટના બની છે. અફઝલપુર તાલુકાના બલુરગી ગામ પાસે એક વ્યક્તિએ તેની પત્નીની જાહેરમાં નિર્મમ હત્યા કરી નાખી હતી.

આ ભયાનક ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.મૂળ મહારાષ્ટ્રના રહેવાસી અક્ષય નામના વ્યક્તિએ તેની ૨૮ વર્ષીય પત્ની શૈલા પર આડાસંબંધો હોવાની શંકા રાખીને આ ભયાનક કૃત્ય કર્યુ હતું. આરોપી અક્ષય આ બાબતથી અત્યંત નારાજ રહેતો હતો અને દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. ઘટનાને દિવસે અક્ષય તેની પત્ની અને પોતાના માતા-પિતાને કારમાં બેસાડી ગંગાપુર લઈ ગયો હતો. રસ્તામાં એક ખેતર પાસે કાર ઉભી રાખી તેણે પત્નીને બહાર ખેંચી હતી અને માતા-પિતાની હાજરીમાં જ દાતરડા વડે તેનું ગળું કાપવાનું શરૂ કર્યુ હતું. આ હેવાનિયત દરમિયાન શૈલા જીવ બચાવવા માટે આજીજી કરતી રહી અને ચીસો પાડતી રહી, પરંતુ અક્ષય પર ખૂન સવાર હતું. આશ્ચર્યની વાત એ છે કે આસપાસ ઉભેલા લોકો તેને બચાવવાને બદલે મોબાઈલમાં વીડિયો ઉતારવામાં મશગૂલ રહ્યા હતા. ગળું કપાયા બાદ લોહીલુહાણ હાલતમાં શૈલા જ્યારે ખેતર તરફ ભાગી, ત્યારે અક્ષયે વધુ ક્રૂરતા દાખવી તેને કાર નીચે કચડી નાખી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.ઘટનાની જાણ થતાં જ કલબુર્ગી એસપી અદુર શ્રીનિવાસુલુ પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

પોલીસે શૈલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ હાથ ધરી હતી. હાલમાં પોલીસે હત્યારા પતિ અક્ષય અને તેના માતા-પિતાની ધરપકડ કરી છે અને અફઝલપુર પોલીસ સ્ટેશનમાં કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

શહેરોનો થશે સર્વાંગી વિકાસ, વડાપ્રધાનશ્રીના હસ્તે રચાશે નવો ઈતિહાસ!

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૩૧ માર્ચે ગુજરાતના શહેરોને આપશે રૂ.૫,૨૯૫ કરોડથી વધુના ૪૪ વિકાસ પ્રકલ્પોની ભેટ

ગુજરાતના શહેરી વિકાસના ઈતિહાસમાં વધુ એક નવું સોપાન ઉમેરાવા જઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૩૧ માર્ચની તેમની ગુજરાત મુલાકાત દરમિયાન રાજયના શહેરી વિસ્તારોમાં જનસુખાકારીમાં વૃદ્ધિ કરતા તથા આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડતા વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરીને નાગરિકોને સમર્પિત કરશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શહેરી વિકાસને પ્રોત્સાહન આપતા રાજયના કુલ રૂ. ૫,૨૯૫.૫૪ કરોડના ૪૪ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવશે. જેમાં અંદાજિત રૂ. ૩,૪૨૭.૧૪ કરોડના ૨૬ કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૧,૮૬૮.૪૦ કરોડના ૧૮ કામોનું લોકાર્પણ કરવામાં આવશે.

સૌથી વધુ અમદાવાદ મહાનગર પાલિકાના રૂ. ૪,૬૪૦.૧૨ કરોડના કુલ ૩૨ પ્રકલ્પો, ગાંધીનગર મહાનગરપાલિકાના રૂ. ૩૦૪.૮૨ કરોડના ૭ પ્રકલ્પો, ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના રૂ. ૨૭૨.૮૬ કરોડના ૩ પ્રકલ્પો તેમજ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનના રૂ. ૭૭.૭૪ કરોડના બે પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવશે.

ઐતિહાસિક નગરી વડનગરના વારસાને જાળવી રાખવા અને પ્રવાસનને વેગ આપવા માટે રૂ. ૩૪.૪૫ કરોડના ખર્ચે 'હેરિટેજ ટાઉન શહેરી વિકાસ અને માર્ગ સૌંદર્યીકરણ' પ્રોજેક્ટનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે . આ પ્રોજેક્ટ અંતર્ગત હાટકેશ્વર મંદિર અને સંગીત સંગ્રહાલય જેવા મુખ્ય સ્થળોએ આધુનિક રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અંડરગ્રાઉન્ડ લાઈટિંગ, સેન્ડ સ્ટોન સાઈનેજ અને કલાત્મક કૃતિઓથી સુશોભન કરવામાં આવ્યું છે.

સાથો સાથે, પાટણમાં વડાપ્રધાનશ્રી રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે. પાટણ શહેરના રહેવાસીઓની સુવિધા માટે રૂ. ૪૩.૨૯ કરોડના ખર્ચે ફાટક નંબર ૪૧-એ (LC-41A) પર ૮૯૮ મીટર લાંબો થ્રી-લેગ રેલ્વે ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે, જે ટ્રાફિકની સમસ્યા હલ કરી અંદાજે બે લાખ લોકોને સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા પૂરી પાડશે.

આ મુલાકાત દરમિયાન વડાપ્રધાનશ્રી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટેના 'પ્રધાનમંત્રી આવાસ યોજના'ના મકાનોના લોકાર્પણને પ્રાધાન્ય આપશે, જેથી હજારો પરિવારોનું પોતાના ઘરનું સપનું સાકાર થશે. સાથે જ, અમદાવાદના નવા વિસ્તારોમાં ડ્રેનેજ અને અન્ય આંતરમાળખાકીય સુવિધાઓ માટેના મોટા પ્રોજેક્ટ્સ આગામી સમયમાં શહેરની કાયાપલટ કરશે.

● વડાપ્રધાનશ્રીના હસ્તે અમદાવાદ મહાનગરપાલિકામાં લોકાર્પણ-ખાતમુહૂર્ત થનાર વિકાસ કાર્યો-

૧. ખરીકટ કેનાલ ડેવલપમેન્ટ (પેકેજ ૧, ૨, ૩) - લોકાર્પણ રૂ. ૮૧૧.૨૭ કરોડ

૨. નિકોલ-કઠવાડા (TP-111) ખાતે ૧૧૦૦ EWS આવાસો - લોકાર્પણ રૂ. ૭૭.૫૦ કરોડ

૩. ચિલોડા-નરોડા (TP-99) ખાતે ૧૦૧૭ EWS આવાસો - લોકાર્પણ રૂ. ૭૫.૩૫ કરોડ

૪. નરોડા-મુઠિયા (TP-71) ખાતે ૪૭૦ EWS આવાસો - લોકાર્પણ રૂ. ૫૬ કરોડ

૫. આમ્રાઈવાડી સ્લમ ક્વાર્ટર્સ ખાતે ૬૭૨ આવાસો (PPP) - લોકાર્પણ રૂ. ૫૪.૯૨ લોકાર્પણ

૬. ગોતા (TP-33) ખાતે ૪૪૮ EWS આવાસો - લોકાર્પણ રૂ.૫૪.૭૫ કરોડ

૭. અસારવા નોર્થ (TP-30) પતરાવાળી સ્લમ ખાતે ૫૭૬ આવાસો - લોકાર્પણ રૂ. ૪૭.૯૩ કરોડ

૮. હંસપુરા-નરોડા (TP-121) ખાતે ૨૯૯ ઈડબ્લ્યુ આવાસો - લોકાર્પણ રૂ. ૩૫.૫૯ કરોડ

૯. વસ્ત્રાલ વોર્ડ (TP-114)માં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું નિર્માણ - લોકાર્પણ રૂ. ૬૧.૬૭ કરોડ

૧૦. ગોતા-ગોધાવી કેનાલને RCC બોક્સ કેનાલમાં ફેરવવી - લોકાર્પણ રૂ. ૧૩૧.૯૭ કરોડ

૧૧. આકાશ દર્શન સોસાયટી પાસે વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન - લોકાર્પણ રૂ. ૨૫.૦૮ કરોડ

૧૨. દુધેશ્વર વોટર વર્ક્સ ખાતે ૨૦ મિલિયન લિટરની ટાંકી - લોકાર્પણ રૂ. ૩૧.૦૭ કરોડ

૧૩. ભાડજ (TP-406) ખાતે વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન - લોકાર્પણ રૂ. ૪૭.૪૦ કરોડ

૧૪. ખરીકટ કેનાલ ફેઝ-૨ (રોપડા તળાવથી ખારી નદી સુધી) - ખાતમુહૂર્ત રૂ. ૧૦૬૧.૪૩ કરોડ

૧૫. BRTS અને AMTS માટે ITMS સિસ્ટમ પ્રોજેક્ટ ૨.૦ - ખાતમુહૂર્ત રૂ. ૪૬૭ કરોડ

૧૬. નારોલ સર્કલથી નરોડા પાટિયા સુધી ૧૪ કિમી રોડ ડેવલપમેન્ટ - ખાતમુહૂર્ત રૂ. ૨૫૫.૩૫ કરોડ

૧૭. કાજીમિયાનો ટેકરો (TP-3) ખાતે ૭૨૮ આવાસો (PPP) - ખાતમુહૂર્ત રૂ. ૧૦૫.૦૨ કરોડ

૧૮. ભાગુભાઈની ચાલી (TP-3) ખાતે ૫૯૫ આવાસો (PPP) - ખાતમુહૂર્ત રૂ. ૭૩.૫૯ કરોડ

૧૯. વટવા આઉટફિલ્ડ (TP-58) ખાતે ૩૫૦ LIG આવાસો - ખાતમુહૂર્ત રૂ. ૬૬.૧૮ કરોડ

૨૦. નરોડા-હંસપુરા (TP-121) ખાતે ૧૬૦ LIG આવાસો - ખાતમુહૂર્ત રૂ. ૩૮.૮૦ કરોડ

૨૧. વસ્ત્રાલ વોર્ડમાં ૧૬૦૦ mm ડ્રેનેજ લાઈન (માઈક્રો ટનલિંગ) - ખાતમુહૂર્ત રૂ. ૩૧.૨૪ કરોડ

૨૨. નરોડા વોર્ડ (TP-75) ખાતે નવું ઓડિટોરિયમ - ખાતમુહૂર્ત રૂ. ૮૬.૨૯ કરોડ

૨૩. રાસ્કા ખાતે વધારાનો ૧૦૦ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ - ખાતમુહૂર્ત રૂ. ૭૯.૪૮ કરોડ

૨૪. સી.જી. રોડ ખાતે એડવાન્સ ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરી - ખાતમુહૂર્ત રૂ. ૩૭.૨૨ કરોડ

૨૫. સુભાષ બ્રિજનું નવનિર્માણ (૪-લેન બ્રિજ અને ૨-લેન બ્રિજ) - ખાતમુહૂર્ત રૂ. ૨૩૬ કરોડ

૨૬. વેસ્ટ ઝોનમાં થિમેટિક પ્રિસિંક્ટ પેકેજ-૧ ના વિવિધ રોડ - ખાતમુહૂર્ત રૂ. ૨૮૨.૮૨ કરોડ

૨૭. લોટસ પાર્ક ડેવલપમેન્ટ (ઘાટલોડિયા તળાવ) - ખાતમુહૂર્ત રૂ. ૧૨૮.૮૫ કરોડ

૨૮. નોર્થ-વેસ્ટ ઝોન (TP-56, ૧૫૧-એ વગેરે)માં ડ્રેનેજ નેટવર્ક - ખાતમુહૂર્ત રૂ. ૪૨.૯૩ કરોડ

૨૯. નોર્થ-વેસ્ટ ઝોન (TP-54, 55, 228 વગેરે)માં ડ્રેનેજ નેટવર્ક - ખાતમુહૂર્ત રૂ. ૪૦.૪૭ કરોડ

૩૦. નોર્થ-વેસ્ટ ઝોન (TP-40, 41, 53-એ વગેરે)માં ડ્રેનેજ નેટવર્ક - ખાતમુહૂર્ત રૂ. ૨૮.૪૨ કરોડ

૩૧. હેબતપુર-થલતેજ વિસ્તારમાં તળાવોને જોડવાનું નેટવર્ક - ખાતમુહૂર્ત રૂ. ૨૭.૮૫ કરોડ

૩૨. ઓલિમ્પિક-૨૦૩૬ અંતર્ગત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે વોટર લાઈન શિફ્ટિંગ - ખાતમુહૂર્ત રૂ. ૪૦.૬૮ કરોડ

● વડાપ્રધાનશ્રીના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા અને ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના લોકાર્પણ - ખાતમુહૂર્ત થનાર વિકાસ કાર્યો-

૧. વાસણા-હડમતિયા (TP-09) ખાતે 624 EWS-II આવાસોનું નિર્માણ - લોકાર્પણ રૂ. ૮૦.૫૦ કરોડ

૨. વાસણા-હડમતિયા (TP-09) ખાતે ૧૩૫૨ EWS-II આવાસોનું નિર્માણ - લોકાર્પણ રૂ. ૧૬૫.૫૪ કરોડ

૩. મોટા ચિલોડા (TP-17) ખાતે ડ્રેનેજ નેટવર્ક અને ૭.૦ MLD STP - ખાતમુહૂર્ત રૂ. ૨૬.૮૨ કરોડ

૪. પ્સ્ઝ વિસ્તાર (TP-06)માં વર્કિંગ વુમન હોસ્ટેલનું નિર્માણ - ખાતમુહૂર્ત રૂ. ૨૫.૬૧ કરોડ

૫. સેક્ટર-૧૧ બિઝનેસ કોરિડોર રોડ ડેવલપમેન્ટ અને સુશોભન - ખાતમુહૂર્ત રૂ. ૨૫.૫૩ કરોડ

૬. રાંધેજા ખાતે ૪ તળાવોને જોડવાની અને સ્ટ્રોમ વોટર લાઈન - ખાતમુહૂર્ત રૂ. ૨૫.૦૨ કરોડ

૭. કોબા, રાયસણ, રાંદેસણ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર લાઈન - ખાતમુહૂર્ત રૂ. ૫૯.૪૮ કરોડ

૮. TP-29 થી અડાલજ TSPS સુધી ૧૮૦૦ mm ડ્રેનેજ ટ્રંક મેઈન - ખાતમુહૂર્ત રૂ. ૬૨.૧૫ કરોડ

૯. કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ સહિતના ગામોમાં નવા રોડ - ખાતમુહૂર્ત રૂ. ૭૨.૯૧ કરોડ

૧૦. પેથાપુર ખાતે ૧૫ MLD STP નું નિર્માણ - લોકાર્પણ રૂ. ૩૪.૧૨ કરોડ

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા આ તમામ કાર્યક્રમોની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. વડાપ્રધાનશ્રીની આ મુલાકાત ગુજરાતના શહેરી માળખાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાની દિશામાં એક મહત્વનું કદમ બની રહેશે.

ડાંગ જિલ્લાનાં ૩૧૧ ગામોમાં આર્થિક પ્રગતિ સુનિશ્ચિત કરવા ધિરાણ શિબિરો અને કૌશલ્ય વિકાસ માટે 'મોનિટરેબલ એક્શન પ્લાન' તૈયાર

## ડાંગ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે RBI-અમદાવાદ પ્રાદેશિક કાર્યાલયની પહેલ: ઓછા ક્રેડિટ-ડિપોઝિટ (સીડી) રેશિયો અંગે RBIએ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ



ભારતીય રિઝર્વ બેંકના અમદાવાદ પ્રાદેશિક કાર્યાલય દ્વારા ડાંગ જિલ્લામાં બેંકિંગ સુલભતા અને ધિરાણ વિતરણની સ્થિતિની સમીક્ષા કરવા માટે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈંમેં, અમદાવાદના પ્રાદેશિક નિદેશક અમરેશ રંજને જિલ્લાના નીચા ધિરાણ-થાપણ(CD) વિશે માર્ગદર્શન આપી, તેને સુધારવા માટે તમામ બેંકો દ્વારા સંકલિત અને સક્રીય પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો. આ માટે તેમણે ડાંગ જિલ્લાના સમાવેશી વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ સૂચનો અને આદેશો કર્યા હતા. જેમાં ૩૧૧ ગામોમાં વાંસ, ઔષધીય અને બાગાયતી ઉત્પાદનોની પ્રક્રિયા માટે સ્વ-સહાય જૂથો (SHGs)ની રચના અને મજબૂતીકરણ, તેમને ધિરાણ સાથે જોડવા અને માસિક ધિરાણ શિબિરોનું આયોજન કરવા પર ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે રાગી અને અન્ય ઉત્પાદનોના માર્કેટિંગ માટે ગ્રામ્ય સંગઠનો(VOs) અને ક્લસ્ટર લેવલ ફેડરેશન(CLFs)ની રચનાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે મોબાઈલ બેંકિંગ આઉટરીચ વાન, સ્થાનિક યુવાનોને બેંકિંગ કોરસપોન્ડન્ટ્સ(BCs) તરીકે જોડવા અને CFL અને RSETI દ્વારા વાંસ હસ્તકલા ક્લસ્ટર કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા વિશે વિગતવાર ચર્ચા કરી હતી. તદુપરાંત, નાસિક સહિતના નજીકના જિલ્લાઓના કૃષિ બજારોમાંથી રસાયણમુક્ત પાકના ખરીદદારોને આમંત્રિત કરવા અને સ્વ-સહાય જૂથોને વન-આધારિત આજીવિકાને પ્રોત્સાહન આપવા સૂચન કરવામાં આવ્યું હતું. વાંસ, સાગ અને ઔષધીય ઉત્પાદનો માટે વન વિભાગ દ્વારા પ્રમાણિત કરીને ધિરાણ, આધુનિક જમીન માલિકી ન હોવા છતાં પણ રોજગારીની તકો ઊભી કરી શકાય તે માટે GIDC દ્વારા સાધનો, તાલીમ અને માર્કેટિંગ સિસ્ટમ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પ્રાદેશિક નિદેશક શ્રી અમરેશ રંજનના માર્ગદર્શન હેઠળ, સમયમર્યાદામાં મોનિટરેબલ એક્શન પ્લાન (MAP) ના વિકાસ પર સર્વસંમતિ સધાઈ હતી. જેમાં બેંકવાર જવાબદારીઓની રૂપરેખા આપવામાં આવી હતી અને નિયમિત દેખરેખ સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ બેઠક ડાંગ જિલ્લામાં બેંકિંગ સેવાઓના વિસ્તરણ , ધિરાણ વિતરણમાં વધારો અને ટકાઉ ગ્રામીણ આજીવિકાને મજબૂત બનાવવા તરફ મહત્વપૂર્ણ પગલું સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્રાદેશિક નિદેશક અમરેશ રંજને વઘઈ બ્લોકના કારીગરો, સ્વ-સહાય જૂથ(SHG)ના સભ્યો, ખેડૂતો અને ગ્રામજનો સાથે તેમની બેંકિંગ સંબંધિત સમસ્યાઓ અને મુશ્કેલીઓ સમજવા માટે તેમની સાથે સંવાદ પણ કર્યો હતો તેમજ તેમના પ્રશ્નોના ઉકેલની ખાતરી પણ આપી હતી. આ બેઠકમાં મ.પ્ર. SBI, ઉ.મ.પ્ર. નાબાર્ડ , ઉ.મ.પ્ર. SLBC ગુજરાત, વિવિધ સરકારી વિભાગો અને બેંકોના પ્રાદેશિક વડાઓ અને ડાંગ જિલ્લાના તમામ શાખા વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યના કુલ ૧૧ જિલ્લાઓમાં માવઠું થવાની આજે સંભાવના

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં કાળઝાળ ગરમીની વચ્ચે ફરી એકવાર કમોસમી વરસાદ એટલે કે માવઠાનો ખતરો મંડરાઈ રહ્યો છે. હવામાન વિભાગની તાજી આગાહી મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે રાજયના વાતાવરણમાં પલટો આવશે અને આગામી ૨૯ તથા ૩૦ માર્ચે વિવિધ ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આવતીકાલે એટલે કે ૨૯ માર્ચના રોજ રાજયના કુલ ૧૧ જિલ્લાઓમાં માવઠું થવાની સંભાવના છે. જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ પ્રભાવિત થશે. કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠામાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ૩૦ માર્ચનું પૂર્વાનુમાનઃ માવઠાની આ અસર ૩૦ માર્ચના રોજ પણ જોવા મળશે. આ દિવસે ખાસ કરીને ઉત્તર ગુજરાત અને પૂર્વ ગુજરાતના આઠ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદનો સમાવેશ થાય છે.

એપ્રિલની શરૂઆતમાં પણ મેઘરાજાની એન્ટ્રી? હવામાન વિભાગના મતે, ૩૧ માર્ચ અને ૧ એપ્રિલના રોજ વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે અને ગરમીમાં આંશિક વધારો થઈ શકે છે. જોકે, રાહત લાંબો સમય ટકશે નહીં. બીજી અને ત્રીજી એપ્રિલે ફરી એકવાર વાતાવરણ પલટાશે અને કેટલાક વિસ્તારોમાં થંડરસ્ટોર્મ એક્ટિવિટી (ગાજવીજ) સાથે હળવો વરસાદ થઈ શકે છે.

વરસાદની આગાહીને પગલે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. તૈયાર થયેલા રવિ પાક અને બાગાયતી પાકોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. જોકે, વરસાદી ઝાપટાંને કારણે તાપમાનમાં થોડો ઘટાડો થશે.

## વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે ગુજરાતને ઐતિહાસિક સફળતા -કચ્છમાં એક દાયકા બાદ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' ઘોરાડના બચ્ચાનો જન્મ -આગમન :વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયા

ગુજરાત અને રાજસ્થાનના વન વિભાગ, કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII)ના સંયુક્ત પ્રયાસોથી વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે એક અભૂતપૂર્વ સફળતા મળી છે.

કચ્છના અબડાસા વિસ્તારમાં એક દાયકાના લાંબા અંતરાલ બાદ 'ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' -ઘોરાડના બચ્ચાનો જન્મ થયો છે તે આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ વિગતો આપતાં જણાવ્યું હતું. વન મંત્રી શ્રી મોઢવાડિયાએ વધુ વિગતો આપતાં કહ્યું કે,ગુજરાત વન વિભાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં વન્યજીવન સંરક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાસલ કરી છે. આ સિદ્ધિ બદલ વાઈલ્ડ લાઈફ ડિવિઝનના અધિકારીઓની કામગીરીની પ્રશંસા કરીને આ અભિયાનને સફળ બનાવવા સૌને અભિનંદન આપ્યા હતા.

આ સફળતા બદલ કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે પર્યાવરણ મંત્રાલય,ગુજરાત, રાજસ્થાન અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII)ના સંયુક્ત પ્રયાસોને બિરદાવીને એક્સ પર માહિતી આપીને અભિનંદન પાઠવ્યા હતા. વન મંત્રી શ્રી મોઢવાડિયાએ વધુ વિગતો જણાવ્યું હતું કે,આ સફળતા પાછળ 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' (Jumpstart Approach) નામની અત્યાધુનિક સંરક્ષણ પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે.

પૃષ્ઠભૂમિ અને પ્રોજેક્ટ GIB



વર્ષ ૨૦૧૧માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઘોરાડ પક્ષીઓના કુદરતી રહેઠાણોના સંરક્ષણ માટે રજૂ કરવામાં આવેલા વિઝનને અનુરૂપ વર્ષ ૨૦૧૬માં 'પ્રોજેક્ટ GIB' શરૂ કરવામાં આવ્યો હતો. રાજસ્થાનના સેમ (Sam) અને રામદેવરા ખાતે સ્થાપિત બ્રીડિંગ સેન્ટરોમાં પક્ષીઓની સંખ્યા વધીને હવે ૭૩ સુધી પહોંચી છે.

કેવી રીતે મળી સફળતા? (ઓપરેશન એગ ટ્રાન્સફર)

કચ્છમાં ઘોરાડની વસ્તીમાં નર પક્ષીઓની ગેરહાજરીને કારણે માદા ઘોરાડ ઈંડા તો મૂકતી હતી, પરંતુ તે અફલિત (Infertile) રહેતા હતા. આ સમસ્યાના ઉકેલ માટે એક સાહસિક અભિયાન હાથ ધરાયું.

ટ્રાન્સ-સ્ટેટ મુસાફરીઃ

રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી ઘોરાડનું એક ફલિત (Fertile) ઈંડું લેવામાં આવ્યું. પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં આ ઈંડાને ૧૯ કલાક સુધી સતત રોડ માર્ગે મુસાફરી કરાવીને સુરક્ષિત રીતે કચ્છ લાવવામાં આવ્યું હતું.

નેસ્ટ રિપ્લેસમેન્ટઃ

તા. ૨૨ માર્ચના રોજ કચ્છની માદા ઘોરાડના માળામાં રહેલા અફલિત ઈંડાને બદલે આ ફલિત ઈંડું મૂકવામાં આવ્યું.માદા ઘોરાડ દ્વારા આ ઈંડાનું કુદરતી રીતે સેવન કરવામાં આવ્યું અને તા. ૨૬ માર્ચના રોજ તેમાંથી તંદુરસ્ત બચ્ચાનો જન્મ થયો.

ભવિષ્યનું આયોજન

હાલમાં ફિલ્ડ મોનિટરિંગ ટીમ દ્વારા માદા ઘોરાડ અને તેના બચ્ચાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.વૈજ્ઞાનિકો, વન વિભાગના અધિકારીઓ અને વન્યજીવ પ્રેમીઓ માટે આ એક ગર્વની ક્ષણ છે, જે ભારતના વન્ય જીવ પર્યાવરણ જતનના સંકલ્પને વધુ દ્રઢ બનાવે છે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

## સુરેન્દ્રનગરમાં આડાસંબંધમાં સસરાની પુત્રવધૂએ હત્યા કરી નાખી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના જોરાવરનગર પોલીસ મથક હેઠળના ફૂલગ્રામમાં ૫૮ વર્ષીય પ્રૌઢની કરપીણ હત્યા કરવામાં આવી છે. આડા સંબંધોના વિરોધમાં થયેલી આ ઘટનામાં મૃતકની પુત્રવધૂ સહિત ત્રણ શખ્સો સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. મૃતકના પુત્રએ પોલીસમાં નોંધાવેલી વિગતો અનુસાર, રમેશભાઈ નાનુભાઈ ગાબુના નાના દીકરાની પત્નીને ગામના જ એક યુવક સાથે આડા સંબંધો હતા. રમેશભાઈ અને તેમનો મોટો દીકરો મહેશભાઈ આ સંબંધોનો સતત વિરોધ કરતા હતા અને પુત્રવધૂ તેમજ સંબંધિત યુવકને સમજાવવાનો પ્રયાસ કરતા હતા. આ બાબતે અગાઉ ઠપકો આપ્યો હોવાથી ઉગ્ર બોલાચાલી થઈ હતી. જે બાદ સોહીલ રમેશભાઈ જીડીયા, સુરેશભાઈ લખમણભાઈ જીડીયા અને પુત્રવધૂ ચકુબેન ગાબુએ રમેશભાઈ પર હુમલો કર્યો હતો.પોલીસ ફરિયાદ મુજબ, હુમલા દરમિયાન આરોપી સોહીલ જીડીયાએ લોખંડના પાઈપ વડે રમેશભાઈના માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી, જ્યારે અન્ય બે આરોપીઓએ લાકડાના ધોકા વડે પ્રહાર કર્યા હતા. ગંભીર ઈજાઓના કારણે રમેશભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકના નાના પુત્ર અશોકભાઈએ પાંચ વર્ષ પહેલાં ચકુબેન સાથે પ્રેમલગ્ન કર્યા હતા. ચકુબેનના આ ત્રીજા લગ્ન હતા અને તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી પણ છે.

હાલ કેરીનો પ્રતિ કિલો ભાલ ૨૦૦થી ૨૫૦ છે

## માર્કેટ યાર્ડમાં કેસર કેરીનું આગમન, ભાવમાં ૨૦ ટકાનો નોંધપાત્રો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગત વર્ષ કરતા આ વર્ષે કેસર કેરીના ભાવમાં ૨૦ ટકાનો નોંધપાત્રો વધારો થયો છે. અમદાવાદના નરોડા ફ્રૂટ બજારમાં રત્નાગિરિ કેસર કેરીના ભાવ ૩૦૦થી ૪૦૦ રૂપિયા છે તો તો ઉના,તલાળાની કેસર કેરીના ૨૦૦-૨૫૦ રૂપિા પ્રતિ કિલો ભાવ બોલાઇ રહ્યો છે. નોંઘનિય છે કે માવઠાના અને મીની વાવાઝોડાના કારણે કાચી કેરી ખરી ગઈ હોવાથી ઘણું નુકસાન થયું છે. હજુ પણ આગામી દિવસોમાં માવઠાનું જોખમ તોળાઇ રહ્યું છે. હવામાન વિભાગે ૨૯થી ૩૧ માર્ચ સુધી ફરી એકવાર માવઠાની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ગુજરાતમાં ૨૯ માર્ચથી વાતાવરણમાં પલટો આવશે. આના કારણે ફરી કેરીના પાકને પારાવાર નુકસાન થાય તેવી ભિતી સેવાઈ રહી છે. જેના કારણે કેરીના ભાવ વધી પણ શકે છે.

નોંધનિય છે કે, ગીર સોમનાથના કેસર કેરીના ગઢ ગણાતા તાલાલામાં જોરદાર પવન અને માવઠાથી ભારે નુકસાન. પવનના કારણે આંબા પરથી મોટા પ્રમાણમાં કાચી કેરી (ખાખડી) જમીન પર ખરી પડી હતી.બગીચાઓમાં ભેજ વધતા ફળમાખી, મધિયો અને થ્રિપ્સ જેવા રોગોનો ઉપદ્રવ વધ્યો છે. ગીર સોમનાથ જિલ્લાના તાલાલા પંથકમાં, જે કેસર કેરીના ગઢ તરીકે આખી દુનિયામાં ઓળખાય છે, ત્યાં થોડા દિવસો પહેલા પડેલા કમોસમી વરસાદ (માવઠા) અને જોરદાર પવનને કારણે બાગાયતી ખેડૂતોને મોટો ઝાટકો લાગ્યો છે. આ વર્ષે શરૂઆતમાં ખેડૂતોને કેસર કેરીના ખૂબ જ સારા ઉત્પાદનની આશા હતી, પરંતુ અચાનક વાતાવરણમાં પલટો આવતા આંબાના બગીચાઓને ભારે નુકસાન પહોંચ્યું છે.

જોરદાર પવનના ઝાપટા આવવાને કારણે આંબા પર લાગેલી નાની કાચી કેરી, જેને સ્થાનિક ભાષામાં ખેડૂતો ખાખડી કહે છે, તે મોટા પ્રમાણમાં જમીન પર ખરી પડી છે. આનાથી પાકના એકંદર ઉત્પાદનમાં મોટો ઘટાડો થવાની ભીતિ છે. એટલું જ નહીં, કમોસમી વરસાદ પડ્યા પછી બગીચાઓમાં ભેજનું પ્રમાણ અચાનક વધી ગયું છે. આ ચિંતાજનક પરિસ્થિતિ વચ્ચે બાગાયત વિભાગે ખેડૂતોને તાત્કાલિક પગલાં લેવાની સલાહ આપી છે. અધિકારીઓએ જણાવ્યું છે કે રોગને નિયંત્રણમાં લેવા માટે ખેડૂતોએ સમયસર યોગ્ય દવાનો છંટકાવ કરવો જોઈએ. આ સાથે જ, કેરીને બગાડથી સુરક્ષિત રાખવા માટે ફળ પર બેગ ચડાવવાની (ફ્રૂટ બેગિંગ) પદ્ધતિ અપનાવવી અત્યંત જરૂરી છે.

## જામનગરમાં આડાસંબંધમાં મિત્રની માતાની હત્યા કરી લાશ કોથળામાં છુપાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના વુલનમીલ વિસ્તારમાં ગુમ થયેલી એક વિધવા મહિલાની નિર્મમ હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. આડા સંબંધોમાં પૈસાની માંગણીથી કંટાળીને એક યુવકે મહિલાની હત્યા કરી તેની લાશને બે દિવસ સુધી કોથળામાં ભરી બંધ મકાનમાં છુપાવી રાખી હતી. જે પુત્રની માતાની હત્યા કરી હતી, તે જ પુત્ર સાથે હત્યારો પોતે પોલીસ સ્ટેશન અને શોધખોળમાં સાથે ફરતો હતો.

આખરે લાશમાંથી દુર્ગંધ આવતા ગભરાયેલા હત્યારાએ ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીને સાથે રાખી ઘટના સ્થળનું રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું છે.

શહેરના ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતી અને મૂળ મથુરાની વતની ૪૦ વર્ષીય રીન્કી દેવી બન્ટુસિંહ કઠેરીયા નામની વિધવા ગત તા. ૨૩ માર્ચના રોજ એકાએક લાપતા થઈ હતી. જે બાદ પાડોશમાં જ રહેતા વિજય વિઠ્ઠલ ઓડીચના ખંઢેર જેવા બંધ મકાનમાંથી કોથળામાં ભરેલો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ ગળે ટૂંપો દીધેલી હાલતમાં હતો. આ અંગે મૃતકના પુત્ર રોહિત કઠેરિયાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પોલીસે રોહિતના મિત્ર વિજય વિઠ્ઠલ ઓડિચની ધરપકડ કરી છે. વિજયે પોલીસ પૂછપરછમાં કબૂલ્યું છે કે, વર્ષ ૨૦૨૧માં રીન્કી દેવી વિધવા બન્યા પછી, પુત્ર રોહિતની મિત્રતાના કારણે તે મહિલાના સંપર્કમાં આવ્યો હતો. છેલ્લા ચારેક વર્ષથી બંને વચ્ચે ગાઢ સંબંધો હતા. રીન્કી દેવી વારંવાર પૈસાની માંગણી કરતી હતી અને પૈસા ન આપવા બદલ પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપતી હતી. આ બાબતથી કંટાળીને વિજયે ૨૩મી તારીખે રાત્રિના સમયે મહિલાને પોતાના કાકાના ઘરે લઈ જઈ લૂંગી વડે ગળે ટૂંપો દઈ હત્યા કરી નાખી હતી. ત્યારબાદ મૃતદેહને કોથળામાં નાખી સંતાડી દીધો હતો, પરંતુ દુર્ગંધ આવ્યા બાદ મામલો ખુલી જવાની બીકે તેણે કબૂલાત કરી હતી.

### ગિફ્ટ સિટીમાં આજે ૧,૧૫૦થી વધુ IFSCA-રજિસ્ટર્ડ સંસ્થાઓ કાર્યરત

# GIFT સિટી: ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય અને IT હબ

ગાંધીનગરમાં સ્થિત ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (GIFT સિટી) ભારતના પ્રથમ સંપૂર્ણ કાર્યરત વૈશ્વિક નાણાકીય અને આઈટી હબ તરીકે ઉભરી આવ્યું છે, જે આંતરરાષ્ટ્રીય નાણાકીય ઈકોસિસ્ટમમાં દેશને અગ્રણી હરોળમાં સ્થાન આપે છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ સ્થાપિત કરવામાં આવેલ GIFT સિટી આજે એક સમૃદ્ધ, નીતિ-સંચાલિત અને વૈશ્વિક સ્તરે સીમાચિહ્નરૂપ નાણાકીય કેન્દ્રમાં પરિવર્તિત થયું છે.

શરૂઆતથી જ, ગિફ્ટ સિટીની પરિકલ્પના એક વિશ્વસ્તરીય ફાઈનાન્સ અને IT ઝોન તરીકે કરવામાં આવી હતી. એક એવું નાણાકીય કેન્દ્ર જે ફક્ત ભારતને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને સેવા પ્રદાન કરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ એક જ અધિકારક્ષેત્ર હેઠળ નાણાકીય સેવાઓ, ટેક્નોલોજી, નિયમનકારી સરળતા અને માળખાગત સુવિધાઓને જોડતી એક સંકલિત ઈકોસિસ્ટમનો પાયો નાખવામાં આવ્યો. તેમનું વિઝન હવે એક જીવંત કેન્દ્રમાં પરિવર્તિત થયું છે જે સ્થાપિત વૈશ્વિક નાણાકીય કેન્દ્રો સાથે સીધી સ્પર્ધા કરે છે.

આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગિફ્ટ સિટીની ક્ષિતિજોને વિસ્તૃત કરવામાં આવી રહી છે અને તેઓ એ જ પ્રતિબદ્ધતા સાથે ગિફ્ટ સિટીના સાતત્ય, વિસ્તરણ અને ઝડપી વિકાસને સુનિશ્ચિત કરી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ, ગિફ્ટ સિટીએ ઊંચાઈના નવા શિખરો સર કર્યા છે, જે ભારતના આર્થિક વિકાસના ચાલકબળ તરીકે ગુજરાતની પ્રતિષ્ઠાને મજબૂત બનાવે છે.

ગિફ્ટ સિટીમાં આજે ૧,૧૫૦ થી વધુ IFSCA-રજિસ્ટર્ડ સંસ્થાઓ કાર્યરત છે. ગિફ્ટ સિટી ખાતે બેંકિંગ ક્ષેત્રનો પણ નોંધપાત્ર વિકાસ થયો છે, જે $106 બિલિયન સુધી પહોંચ્યો છે. આ વર્ષ ૨૦૨૦ની સરખામણીએ લગભગ સાત ગણો વધારો છે. વધુમાં, કેપિટલ માર્કેટ એટલે કે મૂડીબજાર પણ $80 બિલિયન સુધી પહોંચ્યું છે, અને દર મહિને એક્સચેન્જ ટર્નઓવર સતત $100 બિલિયનનો આંકડો પાર કરી રહ્યું છે. આ ઉપરાંત, $80 બિલિયનના લક્ષ્યાંક સાથે ૩૪૯ ફંડ્સ શરૂ કરવામાં આવ્યા છે, જે વૈશ્વિક મૂડી બજારોમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

ગિફ્ટ સિટીનો વિકાસ ફક્ત નાણાકીય પ્રવૃત્તિઓ પૂરતો જ સીમિત નથી. એવો અંદાજ છે કે, ગિફ્ટ સિટી ખાતે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧,૦૦,૦૦૦ થી વધુ રોજગારીઓનું સર્જન થવાની સંભાવના છે, જેમાં કમર્શિયલ (વ્યાપારી), રેસિડેન્શિયલ (રહેણાંક) અને ઈન્સ્ટિટ્યૂશનલ (સંસ્થાકીય) બાંધકામો માટે મોટા પાયા પર થનારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણનું મોટું યોગદાન રહેશે. આ સાથે જ, ગિફ્ટ સિટી ખાતે એક મજબૂત સામાજિક માળખાગત સુવિધાઓનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં આંતરરાષ્ટ્રીય શાળાઓ, ડેસ્ટિનેશન મોલ્સ, સેન્ટ્રલ પાર્ક અને સ્પોર્ટ્સ એરેના વગેરેનો સમાવેશ થાય છે. ગિફ્ટ સિટીમાં વસતા રહેવાસીઓ અને કામ કરતા વ્યાવસાયિકો બંને માટે 'લીવ, વર્ક, થ્રાઈવ' એટલે કે જીવો, કામ કરો અને સમૃદ્ધ બનોના મંત્ર સાથે આ સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ગિફ્ટ સિટીમાં અત્યાધુનિક માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ છે. ભારતમાં પ્રથમવાર અન્ડરગ્રાઉન્ડ યુટિલીટી ટનલ અહીં સ્થાપિત કરવામાં આવી છે. તે સિવાય ડિસ્ટ્રિક્ટ કુલિંગ સિસ્ટમ અને ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન દ્વારા કાર્યક્ષમ અને ટકાઉ કામગીરી સુનિશ્ચિત કરવામાં આવે છે.

વૈશ્વિક સ્તરે, ગિફ્ટ સિટી ભારતના આંતરરાષ્ટ્રીય ફાયનાન્શિયલ ગેટવે તરીકે કાર્ય કરે છે, જેની પહોંચ દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ જેવા કાર્યક્રમો અને મિલાન, ઝ્યુરિક, હોંગકોંગ, જર્મની અને ઑસ્ટ્રિયા જેવા મુખ્ય નાણાકીય કેન્દ્રો સુધી છે. ભારતમાં, તે બેંકિંગ ફોરમ (૧૦૦+ સંસ્થાઓ સાથે), વાઈબ્રન્ટ ગુજરાત, IGF મુંબઈ અને રિઈન્શ્યોરન્સ સમિટ સાથે સંકલનમાં રહીને સ્થાનિક અને વૈશ્વિક નાણાકીય નેટવર્કને એકસાથે લાવે છે.

ગિફ્ટ સિટીમાં મૂડી બજારો, બેંકિંગ, વીમો, વિમાન અને જહાજ માટેની લીઝિંગ સેવાઓ, ફિનટેક, GCC અને વૈશ્વિક યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી સાથે વિવિધ નાણાકીય સેવાઓ એક છત નીચે મળી રહે છે. ૩૭થી વધુ બેંકો, ૬૫થી વધુ વીમા કંપનીઓ અને ૩૫થી વધુ એરક્રાફ્ટ લીઝિંગ કંપનીઓ સાથે, તે ઉચ્ચ-મૂલ્ય ધરાવતી નાણાકીય સેવાઓ માટે એક વિશ્વસનીય કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે અને વૈશ્વિક નાણાકીય ઈકોસિસ્ટમમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવામાં સહયોગ કરે છે.

ગિફ્ટ સિટીની શરૂઆત શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી અને ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં તેનો સતત વિકાસ કરવામાં આવ્યો છે. ભારતને વૈશ્વિક નાણાકીય કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવાના વ્યૂહાત્મક અને લાંબા ગાળાના વિઝનને તે પ્રતિબિંબિત કરે છે.

# અડાલજની શૈક્ષણિક સંસ્થામાં સ્વનિર્ભરતાના પાઠ: રોજ ૫૦૦થી વધુ લોકોની રસોઈ બાયોગેસ પર બને છે

### આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે પણ ૬૦ સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન

ગાંધીનગર નજીક આવેલું અહીં આવેલી વાવ માટે વિશ્વ પ્રસિદ્ધ છે. વૈશ્વિક ધરોહર ધરાવતા અડાલજમાં આવેલી એક શૈક્ષણિક સંસ્થાનાં વિદ્યાર્થીઓ રસોઈ ગેસ મામલે આત્મનિર્ભતાનાં પાઠ શીખી રહ્યા છે અને દેશને નવો રાહ ચિંધી રહ્યા છે.

અડાલજમાં આવેલા શ્રીમતી માણેકબા વિનય વિહાર શૈક્ષણિક સંકુલમાં ભણતી અને અહીં જ હોસ્ટેલમાં રહેતી ૨૫૦થી વધુ વિદ્યાર્નીઓ અને અહીં કામ કરતા પરિવારો રસોઈ ગેસ બાબતે આત્મનિર્ભર બની ગયા છે.આ સંસ્થામાં રસોઈ માટે બાયોગેસનો ઉપયોગ કરવામાં આવે છે.

ગુજરાત સરકારનાં ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) દ્વારા 'સંસ્થાકિય બાયોગેસ પ્લાન્ટ યોજના' હેઠળ સંસ્થાઓને બાયોગસ પ્લાન્ટ સ્થાપવા માટે સબસિડી આપવામાં આવે છે. આ સંસ્થામાં પણ બાયોગેસ માટે સબસિડી આપવામાં આવી છે.

હાલ આ સંકુલમાં ૪૫ ઘટમીટર પ્રતિદિવસની ક્ષમતા ધરાવતા બે બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે. એટલે કે, કુલ ૯૦ ઘનમીટર (પ્રતિદિવસ)ની ક્ષમતાનાં બાયોગેસ પ્લાન્ટ છે.

આ શૈક્ષણિક સંસ્થા વસુમતિ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત છે. તેમની પાસે મોટી ગૌશાળા છે જેમાં ૨૨૨ જેટલી ગાયો છે. સંસ્થાની હોસ્ટેલમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ રહે છે અને સામુહિક ભોજનાલયમાં તેમના માટે રસોઈ બને છે.

સંસ્થાનાં વ્યવસ્થાપકોનાં જણાવ્યા અનુસાર, આ ભોજનાલયમાં રોજ ૨૫૦ વિદ્યાર્નીનીઓ માટે બે વખત જમવાનું (એટલે કે દિવસ દરમિયાન ૫૦૦થી વધુ લોકોનું) બનાવવામાં આવે છે અને આ સંકુલમાં રહેતા ૧૫ જેટલા પરિવારોની રસોઈ પણ આ બાયોગેસ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતા ગેસમાંથી થાય છે.

સંસ્થાનાં મેનેજર રાહુલ પટેલે જણાવ્યું કે, અમારી સંસ્થાને ગુજરાત સરકાર દ્વારા મળતી સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજનાનો લાભ મળ્યો છે. અમે રસોઈ ગેસની બાબતમાં આત્મનિર્ભર બન્યા છીએ. અમારી પાસે ગાયો હોવાથી અમને છાણ પુષ્કળ મળી રહે છે. આ ઉપરાંત, આ ગેસ ઉત્પન્ન થયા પછી વધેલી સ્લરીનો ઓર્ગેનિક ખાતર તરીકે સંસ્થાનાં ખેતરમાં ઉપયોગ કરી સંપૂર્ણ જૈવિક ખેતી કરીએ છીએ.

સંસ્થાનાં પ્રતિનિધિઓએ જણાવ્યું કે, જો આ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત ન હોય તો, સંસ્થાને મહિને ૩૦ જેટલા એલપીજી ગેસ સિલીન્ડરની જરૂર પડે પણ અત્યારે એક પણ સિલીન્ડરની જરૂર પડતી નથી. આ ઉપરાંત, બાયોગેસ પ્લાન્ટમાંથી નિકળતી સ્લરીને કારણે રાસાયણિક ખાતરની જ પણ જરૂર પડતી નથી,".

ગુજરાતમાં આવેલી ગૌશાળાઓ, પાંજરાપોળો, શૈક્ષણિક સંસ્થાઓ અને ચેરીટેબલ ટ્રસ્ટો પાસે મોટા પ્રમાણમાં પશુધન તેમજ ખેત કચરો અને રસોઈગૃહમાંથી નીકળતો એંઠવાડ ઉપલબ્ધ રહે છે. આ તમામ જૈવિક પદાર્થોને પ્રાણવાયુની ગેરહાજરીમાં (એનેરોબિક પ્રક્રિયા દ્વારા) કોહડાવતા બાયોગેસ ઉત્પન્ન થાય છે. આ બાયોગેસનો ઉપયોગ રાંધવા માટે સસ્તો ગેસ પુરો પાડે છે. સાથે સાથે આ પ્રક્રિયા બાદ મળતું સ્લરી ઉત્તમ નાઈટ્રોજનયુક્ત સજીવ ખાતર તરીકે ખેતીમાં ઉપયોગી બને છે. ગુજરાત સરકારની ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) દ્વારા વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતો માટે સંસ્થાઓને સબસિડી આપવામાં આવે છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની દિઘર્દ્રષ્ટી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનાં નેતૃત્વમાં ગુજરાત વૈકલ્પિક ઉર્જાનાં ઉપયોગ ક્ષેત્રે આત્મનિર્ભર બની રહ્યું છે.

રાજ્યમાં વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતોને પ્રોત્સાહન આપવા તેમજ ગૌશાળા, પાંજરાપોળ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓમાં ઉત્પન્ન થતા જૈવિક કચરાનો વૈજ્ઞાનિક રીતે સદુપયોગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપનાની વિશેષ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સંસ્થાઓને ઊર્જા સ્વાવલંબન તરફ દોરી જવો, પર્યાવરણ પ્રદૂષણ ઘટાડવું અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

આ યોજના હેઠળ ૨૫, ૩૫, ૪૫, ૬૦ અને ૮૫ ઘનમીટર ક્ષમતા ધરાવતા પ્લાન્ટ માટે સહાય આપવામાં આવે છે. બિનનફાકીય સંસ્થાઓને કુલ મૂલ્યના ૭૫% સુધી અને નફાકીય સંસ્થાઓને ૫૦% સુધીની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે, જેથી વધુમાં વધુ સંસ્થાઓ સ્વચ્છ ઊર્જા અને સજીવ ખેતી તરફ આગળ વધે.

**સમગ્ર રાજ્યમાં ૧૯૩થી વધારે સંસ્થાકીય બાયોગેસ કાર્યરત**

ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સંસ્થાકીય બાયોગેસ યોજના હેઠળ કુલ રૂ. ૧૨.૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાંથી અંદાજે ૬૦ સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની પ્રક્રિયા ચાલુ છે. આ યોજનાના અમલીકરણ માટે વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કુલ ૧૫ એજન્સીઓને માન્યતા આપવામાં આવી છે. આ સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમ્યાનના છેલ્લા પાંચ વર્ષોમાં કુલ ૧૯૩ સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેની કુલ ક્ષમતા ૧૩૯૫૫ ઘનમીટર પ્રતિ દિવસ જેટલી થાય છે. આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે પણ સંસ્થાકીય બાયોગેસ યોજના અંતર્ગત કુલ રૂ. ૧૨.૦ કરોડની જોગવાઈ હેઠળ અંદાજે ૬૦ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવાનું આયોજન છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટમાં ૧૦૧૦ આવાસો સહિત રૂ.૭૫૧ કરોડના વિકાસ કામોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયાં

### ભવિષ્યના રાજકોટ માટે રૂ. ૫૪૩ કરોડના ૪૦ નવા પ્રોજેક્ટ્સનો પાયો નખાયો: માર્ગ, ડ્રેનેજ અને રોશનીના કામોથી શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મળશે નવી ગતિ






મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજકોટમાં મહાનગર પાલિકાનાં રૂ. ૭૫૧.૨૦ કરોડના ૪૫ જેટલા વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ. ૧૧૯.૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત EWS-II પ્રકારના આવાસોનું લોકાર્પણ કરીને, મુખ્યમંત્રીશ્રી દ્વારા ૧૦૧૦ પરિવારોને આધુનિક સુવિધાસભર "ઘરના ઘર"ની ભેટ અપાઈ છે. આ સાથે રૂ. ૯.૭૮ કરોડના ખર્ચે નિર્મિત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને નવા વ્હીકલ ટેસ્ટ ટ્રેકનું પણ લોકાર્પણ કરાયું હતું.

રાજકોટમાં પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, "ઈઝ ઓફ લિવિંગ" અને "અર્ન વેલ, લિવ વેલ"ની નેમ સાથે આગળ વધતા રાજકોટને આજે રૂ. ૭૫૧.૨૦ કરોડના વિકાસ કામોની ભેટ મળી છે. ગુજરાત રાજ્યનું વિકાસ મોડેલ અને વિકાસ કાર્યો માટે ગુજરાતનું નાણાકીય પ્રબંધન દેશમાં પ્રથમ ક્રમે છે. નાગરિકોની સુખાકારી માટે જરૂરી એક પણ વિકાસ કાર્ય બાકી નહીં રાખવામાં આવે તેવી ખાતરી આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત સરકાર આયોજનબદ્ધ વિકાસ કાર્યોને ક્યારેય નામંજૂર નથી કરતી. આવા કાર્યોના આયોજનો તત્કાલ મંજૂર કરી દેવામાં આવે છે. આ તકે તેમણે થઈ રહેલા વિકાસ કાર્યોમાં ગુણવત્તા જાળવવા પર ભાર મૂક્યો હતો.

દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવાનો સંકલ્પ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો છે ત્યારે 'વિકસિત ભારત' માટે દેશના સામાન્ય માણસને મુખ્ય ધારામાં લાવવો જરૂરી છે અને તેના માટે જ રાજ્યમાં 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ'ને રિજનલ સ્તરે લઈ જવામાં આવી હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારના વડા તરીકે શાસનકાળના ૮૯૩૧ દિવસ પૂર્ણ કર્યા છે, તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈની જનપ્રતિનિધિ તરીકેની યાત્રાની શરૂઆત રાજકોટથી થઈ હતી અને રાજકોટથી શરૂ થયેલો આ રેકોર્ડ આજે સતત આગળ વધી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સામાન્ય માનવીના કલ્યાણના મંત્ર સાથે કામ કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદી ગરીબોના જીવનમાં વાસ્તવિક પરિવર્તન લાવ્યા છે. આજે પેટ્રોલમાં એક્સાઈઝ ડ્યૂટી રૂ. ૧૩થી ઘટાડીને રૂ. ૩ અને ડીઝલમાં એક્સાઈઝ શૂન્ય કરી નાખવામાં આવી છે. વિશ્વમાં જ્યારે પણ સંકટ ઊભું થયું, ત્યારે શ્રી નરેન્દ્રભાઈએ હિંમતપૂર્વક નિર્ણયો લીધા છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે કે દેશના દરેક ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર પાસે પોતાનું 'ઘરનું ઘર' હોય. આ સપનાને સાકાર કરવા ગુજરાત સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. આજે રાજકોટમાં આવાસ યોજનાના માધ્યમથી એક હજારથી વધુ પરિવારોને તેમના સપનાનું ઘર મળી રહ્યું છે.

આ અવસરે રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આજના કાર્યક્રમને જનસુખાકારી માટેનો ઐતિહાસિક અવસર ગણાવતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૧૫ દિવસમાં જ રૂ. ૧૧૦૦ કરોડથી વધુના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જે એક રેકોર્ડ છે. હાલમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ દ્વારા રજૂ થયેલા અને વિધાનસભામાં પસાર થયેલા સમાન નાગરિક સંહિતા બિલ અંગે તેમણે કહ્યું હતું કે, યુ.સી.સી. બિલ એ મુખ્યમંત્રીશ્રીનું 'દિલ' છે. સમગ્ર દેશમાં આ બિલ લાવનારું ગુજરાત બીજું રાજ્ય છે. આ સાથે જનતાના હિત માટે જરૂરી હશે તેવા તમામ નિર્ણયો ગુજરાત સરકાર કરતી જ રહેશે, તેવી ખાતરી તેમણે આપી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, સૌરાષ્ટ્રથી વિકાસની ધારા ગુજરાતભરમાં વહી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં વણથંભી વિકાસ યાત્રાના પરિણામે આવેલું પરિવર્તન દેખાઈ રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના અવિરત પ્રયત્નોને પરિણામે આજે રાજકોટના દરેક ખૂણાનો વિકાસ થયો છે.

જ્યારે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજે રાજકોટમાં શહેરી વિકાસ વિભાગના રૂ. ૫૪૩ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ તથા રૂ. ૨૦૭ કરોડના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત થયા છે. આ બદલ તેમણે નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે, ઉત્સવપ્રિય અને રંગીલું રાજકોટ હવે વિકાસ કાર્યોમાં પણ અગ્રેસર થઈ રહ્યું છે. ડ્રેનેજ, પાણી, રોડ-રસ્તાના વિકાસ કાર્યોથી આગળ વધીને રાજ્ય સરકારે ગરીબોની વેદના જાણીને આવાસોને પ્રાથમિકતા આપી છે. રાજકોટમાં છેલ્લા પાંચ વર્ષમાં ૪.૯૦ લાખ આવાસો બન્યા છે. લોકોની સુખાકારી માટે રાજ્ય સરકાર સતત તત્પર હોવાનો અને આગામી દિવસોમાં રાજકોટ વિકાસમાં મોડેલ સિટી બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ અવસરે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે. આપણા દીઘર્દ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો ઐતિહાસિક પ્રારંભ થયો હતો. તેને આગળ વધારતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશા નિર્દેશ હેઠળ આ વાઈબ્રન્ટ સમિટ પ્રાદેશિક સ્તરે પહોંચી છે. રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ભવ્ય આયોજન થયું અને સફળતા મળી તે ગૌરવની વાત છે.

સ્વાગત પ્રવચન કરતા રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર શ્રી તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરમાં છેલ્લા એક જ માસમાં રૂ. ૧૧૦૦ કરોડના વિકાસ કામોના લોકાર્પણ - ખાતમુહૂર્ત થયા છે. નળ, રસ્તા, ગટર અને ઘર એમ ચારેય ક્ષેત્રમાં સેચ્યુરેશનનો પાયો નખાયો છે. આજના પ્રસંગે રૂ. ૧૬૧ કરોડના રોડના કામો તેમજ સૌરાષ્ટ્રના સૌથી મોટા વોટર ફિલ્ટર પ્લાન્ટનો પણ શિલાન્યાસ કરાયો છે.

કાર્યક્રમના અંતે નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી મહેશ જાની દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદો સર્વ શ્રી રામભાઈ મોકરીયા, શ્રી કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યો સવશ્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા, શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી દર્શિતાબહેન શાહ, અગ્રણી શ્રી માધવ દવે, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# લોન આપવાનું કહીને લાખોની ઠગાઈ કરતા ચાર ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

કોર્પોરેટ લોન આપવાના બહાને છેતરપિંડી કરતી ટોળકી પોલીસ સકંજામાં આવી છે. પોલીસે આ ગેંગના ચાર આરોપીની ધરપકડ કરીને બોડકદેવ અને સેટેલાઈટના બે ગુનાનો ભેદ ઉકેલ્યો છે. આરોપીઓ કરોડોની લોન બેંક કરતા અડધા વ્યાજે આપવાની લાલચ આપીને રૂપિયા પડાવતા હતા. આરોપીઓએ આસામ અને તામિલનાડુના બે વેપારી પાસેથી છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. શહેરના બોડકદેવ તથા સેટેલાઈટમાં ખોટી કંપનીના નામથી ઓફિસ ભાડે રાખીને કેટલાક શખ્સો ઠગાઈ આચરતા હતા. આરોપીઓ આંતરરાજ્યના વેપારીઓનો સંપર્ક કરીને ખોટી ઓળખ આપીને ઓફિસે મીટિંગ કરીને બેંક કરતા અડધા વ્યાજે મોર્ગેજ લોન આપવાનું કહીને વિવિધ ચાર્જ પેટે રૂપિયા વસૂલીને છેતરપિંડી આચરતા હતા. આ મામલે સેટેલાઈટ અને બોડકદેવ પોલીસ સ્ટેશનમાં બે ફરિયાદ નોંધાઈ હતી. જે બાદ પોલીસે તપાસ હાથ ધરીને આરોપી જીતેન્દ્ર મકવાણા, અલ્પેશ મકવાણા, કેયુર પટેલ અને શૈલેષ પરમાર (તમામ રહે. આણંદ)ની ધરપકડ કરી છે. આરોપીઓએ ખોટી કંપનીઓ ઊભી કરીને આસામના વેપારીને બેંક કરતાં અડધા વ્યાજે ૧૦૦ કરોડની મોર્ગેજ લોન આપવાનું જણાવીને ૩૫ લાખ રૂપિયા સ્ટેમ્પ ડ્યૂટીના નામે પડાવ્યા હતા. જે બાદ તામિલનાડુના વેપારીને ૩૦ કરોડની લોન આપવાના બહાને ૩૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા.આરોપીઓની તપાસમાં હકીકત સામે આવી છે કે આરોપી જીતેન્દ્ર અગાઉ બસ કંડકટર તરીકે નોકરી કરતો હતો, જ્યારે કેયુર ધોરણ-૧૨ ભણીને રેપીડો ચલાવે છે. જ્યારે અલ્પેશ અને શૈલેષ ધોરણ-૧૦ તથા ૧૨ ભણેલા છે. મુખ્ય આરોપી વિકી શર્મા અને નીતાંત શર્માએ ભેગા મળીને છેતરપિંડીને અંજામ આપ્યો હતો. વિકી શર્મા પોતાની ઓળખ માલિક તરીકે આપી અલગ અલગ વેપારીઓને ખોટા નામથી મળતો હતો.

જ્યારે નીતાંત બનાવટી કંપનીઓ ઊભી કરીને છેતરપિંડીની રકમ તે કંપનીઓના એકાઉન્ટમાં જમા કરાવતો હોવાનું સામે આવ્યું છે. જ્યારે ઝડપાયેલા ચારેય આરોપીઓ પોતાને કંપનીના કર્મચારી બતાવીને વેપારીને વિશ્વાસમાં લઈને લોન આપવાના બહાને છેતરપિંડી કરતા હતા. ત્યારે હવે આ ટોળકીને ફરાર બે આરોપીઓને ઝડપી પાડવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

# ગુજરાતમાં ખાતર, ગેસ અને પેટ્રોલ-ડીઝલનો પૂરતો સ્ટોક : હર્ષ સંઘવી

### લોકડાઉનની અફવા ફેલાવનાર સામે થશે કાર્યવાહી: રાજ્ય સરકાર દ્વારા બધી જ વ્યવસ્થા કરાઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ઈરાન યુદ્ધને કારણે વિશ્વના અનેક દેશો જાણે થંભી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. વિશ્વમાં નવા પ્રકારના એનર્જિ લોકડાઉનનો ડર લાગી રહ્યો છે. આ વચ્ચે શું દેશમાં ફરી લોકડાઉન લાગશે તેવી ભીતિ સતાવી રહી છે. ત્યારે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકડાઉન અંગે મોટું નિવેદન આપ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે પત્રકાર પરિષદમાં લોકડાઉન વિશે કહ્યું કે, સામાન્ય નાગરિકોએ અફવાથી ડરવાની જરૂર નથી. રાજ્ય સરકાર દ્વારા બધી જ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી કક્ષાએ આ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે સમાજે આ પ્રકારના લોકો જે અફવા ફેલાવો તેઓને બોયકોટ કરવા જોઈએ. લોકડાઉનના વિષયની અફવાઓ ધ્યાન પર લેવા જેવા નથી. જે લોકો whatsapp અને ફોરવર્ડ કરે છે તેઓની માહિતી પોલીસને આપવી જોઈએ કે આવા લોકો સમાજમાં ડર ફેલાવો સફળ ન થાય. તેઓએ કહ્યું કે, રાજ્યના સૌ નાગરિકોને એલપીજી પેટ્રોલ ડીઝલ અન્ય જરૂરી ચીજ વસ્તુઓ ખાતર આજની પરિસ્થિતિ અને આવનાર દિવસોની સપ્લાયની વ્યવસ્થાઓ વધારે સરળતાથી મળી રહે મુખ્યમંત્રીએ વિભાગના વડાઓને સૂચના આપી છે. પાંચ દિવસ પહેલા પેટ્રોલ ડીઝલની અફવાઓને કારણે હેરાન થયા હતા. તેના કારણે સૂચનાઓ આપવામાં આવી છે અને અફવાઓ ફેલાવનારને કડકમાં કડક પગલાં ભરવામાં આવે. તંત્ર દ્વારા જરૂરી સૂચનો નાગરિકોને સીધી માહિતી આપવામાં આવ્યા છે. આ પ્રકારની કોઈ પણ આપવાના મેસેજ આવે તો સરકારી વિભાગમાં જાણકારી મેળવો. ધક્કા કે લાઈનમાં ઊભા રહેવાની જરૂર ન નથી.



હર્ષ સંઘવીએ કહ્યું કે, રાજ્ય સરકાર પાસે પૂરતી વ્યવસ્થા છે એટલે કોઈ અવ્યવસ્થા નહિ સર્જાય. આવી અફવાઓથી દૂર રહીને સહયોગ આપવો પડશે. ભારતમાં કેન્દ્ર સરકારે તમામ વ્યવસ્થાઓ કરી છે. પીએનજી કનેક્શનને અગ્રતા આપવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આગામી ૬૦ દિવસમાં ૧૧,૦૦૦ થી વધુ કનેક્શન આપવામાં આવશે. ગેસ નેટવર્ક ગુજરાત મોખરે છે, ૨૩ ટકા ગેસ ગુજરાત પાસે છે. સિવિલ હોસ્પિટલને પ્રાયોરિટીમાં કનેક્શન આપવામાં આવશે. ગુજરાતમાં ૫૦૦૦૦ થી વધુ કનેક્શન આપવામાં આવશે એ પ્રકારનો ટાર્ગેટ આપવાનો છે. તમામ લોકોને વ્યવસ્થિત રીતે મળીને એલપીજી ગેસ તે માટેની પણ વ્યવસ્થાઓનું ખાસ કરીને આ એડ કરોડ એક કરોડ ૨૮ લાખ જે ગ્રાહક છે અને જે પરિવારો છે તેને સંપૂર્ણપણે સમયસર ગેસ મળી રહે તે માટે વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આગળ કહ્યું કે, કાળા બજારી કરતા ૧૭ થી વધુ લોકો સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે. દરેક જિલ્લાને આ પ્રકારની એક્શન લેવાઈ રહ્યાં છે. શ્રમિકોની પણ ચિંતા બેઠકમાં કરવામાં આવી છે. પગાર વહેલો થાય નાની મોટી જમવાની વ્યવસ્થાઓ કરવામાં આવે આ બધી જ વ્યવસ્થાઓ જે પરિવારો આપણી સાથે રહે છે તે પરિવારોની ચિંતા સરકારે કરી છે. ગેસ કે અન્ય કોઈ મુશ્કેલી ન પડે એ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક જિલ્લામાં કલેકટરના અધ્યક્ષ સ્થાને સંકલન સમિતિ બનાવવાનો નિર્ણય લેવાયો છે. ૧૦૦૦૦ એલપીજી ની ફરિયાદો આવી હતી આ ફરિયાદોનું નિકાલ કરવામાં આવ્યો છે.

# માતાના હાથમાંથી દીકરી છટકીને પાણીની ટાંકીમાં પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના અમરાઈવાડીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અઢી માસની બાળકીનું પાણીની ટાંકીમાં પડી જતા મોત નિપજ્યું છે. માતા પાણીની ટાંકીની લાઈન બંધ કરવા જતી વખતે બાળકીનું મોત થયું હતું. ત્યારે માતાએ જ જાણી જોઈને બાળકીની હત્યા કરી હોવાનો પિતાએ આરોપ લગાવ્યો છે. દીકરીના મોત શંકાસ્પદ હોવાથી પિતાએ પત્ની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. Bns કલમ ૧૦૫ હેઠળ માતા સામે ગુનો નોંધાયો છે. અમદાવાદમાં અમરાઈવાડી વિસ્તારમાં એક અઢી મહિનાની બાળકીનું ટાંકીમાં ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. જેમાં બાળકીના પિતાએ જ બાળકીની માતા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. માતાની બેદરકારીથી અઢી મહિનાની દીકરીનું મોત નિપજ્યું હોવાનો પિતાએ આક્ષેપ લગાવ્યો હતો. અમરાઈવાડી પોસ્ટ ઓફિસ સામે સિધેશ્વરીનગર ખાતે ૨૭ માર્ચના રોજ બનાવ બન્યો હતો. અઢી મહિનાની બાળકી વિશ્વા પાણીની ટાંકીમાં પડ્યા બાદ માતાએ બહાર કાઢવાને બદલે ટાંકીનું ઢાંકણ ઢાંકી દીધું હોવાના આક્ષેપ પિતાએ લગાવ્યો છે. પિતાએ આરોપમાં કહ્યું કે, ટાંકીનું ઢાંકણ ઢાંક્યા બાદ માતાએ તેની ઉપર એલ્યુમિનિયમનું તગારું ઢાંકી દીધું હતું. ઘણા સમય શોધખોળ કર્યા બાદ બાળકી ન મળતા મકાનના દરવાજા પાસેનીની અંડર ગ્રાઉન્ડ ટાંકી તપાસ કરતા બાળકી મૃત હાલતમાં મળી હતી. દીકરીના મોત બદલ પતિ દિપક મકવાણાએ પત્ની મોનિકા સામે ફરિયાદ નોંધાવી છે.

અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાળકી રમતા રમતા ટાંકીમાં પડી ગઈ અને જાણ ન રહેતા ટાંકી બંધ કરી કે જાણી જોઈને ઘટના બની તે તમામ બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસે બાળકીના પીએમ સાથે ઘટનાનું સાચું કારણ શોધવા મૃત બાળકીની માતાની પૂછપરછ હાથ ધરી છે.

તપાસમાં સામે આવ્યું કે, પિતા ગેસના બોટલ માટે લાઈનમાં ઉભા હતા, 'ત્યારે પાડોશીનો ફોન આવ્યો હતો કે, તમારી દીકરી પાણીની ટાંકીમાં પડી ગઈ છે. ફટાફટ ઘરે આવી જાઓ.' ઘરે આવતા જ તેને જાણ થઈ હતી કે, દીકરી પાણીમાં ટાંકી પડી છે. પતિ આ માટે પત્ની પર ગુસ્સે થયો હતો. દંપતી દીકરીને હોસ્પિટલમાં લઈ ગયુ હતું, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. આ બાદ પત્ની મોનિકાએ સ્વીકાર્યું હતું કે, હું ઘરના ઉપરના માળે પાણી ચઢાવવા માટે મોટરની સ્વીચ પાડવા માટે નીચે ગઈ હતી ત્યારે દીકરી પણ મારી સાથે હતી. આ સમયે પગ પોતા પર મારો પગ પડ્યો હતો, જેથી મારા હાથમાંથી દીકરી છટકી ગઈ હતી. તે સીધી પાણીની ટાંકીમાં પડી હતી. મેં તેને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે અંદર સુધી જતી રહી હતી જેથી હું ગભરાઈ ગઈ હતી. મારા પર આરોપ ન આવે, તે માટે મેં પાણીના ટાંકીનું ઢાંકણુ બંધ કરી દીધુ હતું અને તેની ઉપર તગારૂં મુકી દીધુ હતું. ઉલ્લેખનીય છે કે, માતા દ્વારા બાળકીની હત્યા કરાયાનો આ બીજો બનાવ છે.